પાંચમી ગુજરાતી સાહિત્યપરિષદમાં પાસ થયેલો

ઇનામી નિબંધ.

આદર્શભૂતજીવન.

લેખક અને પ્રકાશક

પ્રભાશંકર જયશંકર પાઠક.

મુંબાઇ. ૨.

સંવત ૧૯૭૧ | પ્રત ૫૦૦.

પ્રથમાવૃત્તિ.

કિંમત. ૦-૪-૦

શ્રી જ્ઞાનમન્દિર પ્રીન્ટીંગ પ્રેસમાં શંકરરાય અમૃતરાયે
છાપ્યું. સાંકડીશેરી રોડ—અમદાવાદ.

અર્પણપત્રિકા.

दर्शने स्पर्शने वापि श्रवणे भाषणेऽपि वा ।
यत्र द्रवत्यन्तरङ्ग स स्नेह इति कथ्यते ॥

દ્વિતીય હૃદયસમ પ્રિયસુહૃદ્વર્ય

ઉપેન્દ્રરાય ત્રિકમરાય મજમુદાર બી. એ.

શુભનિવાસ પાટણ.

ઉત્તર-ગુજરાત.

કેવળ પૂર્વજન્મના સંચિત બળથી વિદ્યાર્થી અવસ્થામાં જ આપણે એકજ સ્થળે મળ્યા, સ્નેહથી પરસ્પર આકર્ષાયા, જોડાયા, કસોટીમાં કસાયા, ને છેવટ શુદ્ધ કંચન રૂપી નિર્મળ સ્નેહમાં નાહ્યા; કિશોર અવસ્થામાં એકજ ગુરૂના શિષ્યો બની એકજ દીવે વાંચતાં તદવસ્થાજન્ય કાંઇક આનંદના લ્હાવા લેતાં કેટલાંક વર્ષો સાથે જ ગાળ્યાં તે સ્વર્ગીય સુખના આનદજનક સ્મરણ માટે,

તથા

મ્હારી વિદ્યાવિનોદની અભિરૂચિને ત્હેં ઉતરોત્તર અનુમોદી, મ્હારા શુષ્ક હૃદયને સંસ્કારી રસિક અને સ્નેહાર્દ્ર બનાવ્યું, મ્હારાં સ્નેહનાં તત્વોને ત્હારી વાગ્સુધાથી સિંચી નવપલ્લવિત કર્યાં, સંસાર

સુધારાનો નવિન પ્રકાશ નાખી મ્હારો અજ્ઞાન રૂપી અંધકાર દૂર કરી મ્હને ઉત્તમ માર્ગે દોર્યો, અને ટુંકામાં મ્હારી ગ્રામ્યતા ટાળી નાગરિક બનાવવાના ઉચ્ચ હેતુથી ત્હેં અનેક પ્રયત્નો કર્યા તે આભારની યાદગીરી માટે,

તથા

વડનગરા નાગર ગૃહસ્થ જેવું ઉચ્ચું કુળ, વંશપરંપરાનો વિદ્યાવ્યાસંગ, ગર્ભશ્રીમંતાઈ, વગેરે સદ્‌ગુણગ્રામનો ત્હારામાં એકજ સ્થળે નિવાસ થયેલો છતાં યુવાવસ્થામાં પણ પ્રશંસનીય ઠરેલપણું તથા નીતિનું અવલંબન, સ્પૃહણીય નિરાભિમાનિપણું અને વૃદ્ધજનોચિત બુદ્ધિપ્રાબલ્ય વિગેરે ત્હારા જીવનના ઉચ્ચ આદર્શથી મુગ્ધ બની મ્હારો આ રંક પ્રયાસ ત્હનેજ અર્પણ કરવો સુયોગ્ય ધારી તેમ કરૂં છું.

ત્હારો ગુણાનુરક્ત સદાનો સ્નેહપિપાસુ

પ્રભાશંકર.

પીઠિકા.

ઓણસાલ સુરતમાં મળેલી પાંચમી ગુજરાતી સાહિત્યપરિષદ તરફથી ઇનામી નિબંધ તરીકે સદરહુ લેખની માગણી થઈ હતી જેને માટે કોલેજોમાં ભણતા અનેક ઉત્સાહી બંધુઓ તેમજ અન્ય લેખકોએ પણ પ્રયાસ કર્યો હતો; વળી પરિષદે માગેલા બીજા બધા ઈનામી નિબંધો કરતાં આ લેખ માટે સૌથી વધારે રસાકસી અને વાંટાઘાંટ થઇ હતી; પરંતુ છેવટે આ લેખ જ સાક્ષરોની પરીક્ષક કમીટીમાં પાસ થયો છે, અને જાહેર થયા પ્રમાણે લેખકને તે બદલ પચાસ રૂપિઆનું ઈનામ મળ્યુ છે.

એ તો દેખીતુંજ છે કે આવા વિશાળ વિષય ઉપર લખવા ધારીએ તો ઘણું વધારે લખી શકાય. પણ રખેને લેખ વિશેષ લાંબો થઇ જાય એવા ભયથી મ્હેં દરેક બાબત વિસ્તારથી ચર્ચી નથી, તેમજ કેટલીક ચર્ચવા જેવી બાબતો મુકી પણ દીધી છે. શાબ્દિક આડંબર વાળી સંસ્કૃતમય કિલષ્ટ ભાષા, પરાયાં અવતરણો, ઈતિહાસ પુરાણની મોટી મોટી વાતોનાં ઉદાહરણો વિગેરે ઉપલકીયા ટાપટીપથી લેખને શણગારી મ્હોટો નહીં બનાવતાં પરિષદ તરફથી સૂચવાયા પ્રમાણે " સાધારણ વર્ગથી પણ સમજી શકાય તેવી સાદી ને સરળ શૈલીમાં," હૃદયની ઉંડી લાગણીનાં સંગીન તત્ત્વો આ લેખમાં મ્હેં

આ લેખ્યાં છે,જેની વિદ્વદ્વર્ગે કદર કરી છે તેજ પ્રમાણે વાચક વર્ગ પણ કદર કરશે તો હું મ્હારો રંક પ્રયત્ન સફળ થયો માનીશ.

સદરહું લેખ મ્હારી જન્મભૂમિ પાંડરશીંગામાં તા. ૨૭-૧-૧૫ ના રોજ શરૂ કરી તા. ૨૯-૧-૧૫ના રોજ પુરો કર્યો હતો. આવા ન્હાનકડા નિબંધને લાંબી પીઠિકા લખી માથા કરતાં પાઘડી મોટી ન કરતાં આટલી આવશ્યક બાબતો દર્શાવી હું વિરમુ છું.

મુંબઈ
તા. ૨-૧૦-૧૫

કર્તા.

અનુક્રમણિકા.

આદર્શભૂત જીવન.

વ્યાખ્યા.

આદર્શભૂત જીવન એટલે નમુનેદાર અનુકરણીય જીવન. આદર્શભૂત જીવન એવું હોવું જોઇએ કે તે પરથી ઇતર વર્ગ દૃષ્ટાંત લઇ તેને પગલે પગલે ચાલી પોતાનું જીવન પણ સુખમય બનાવી શકે. કુદરતી બક્ષીશોનો જેણે સદુપયોગ કર્યો હોય, પોતાની શક્તિ વૈભવ અને સારી સ્થિતિનો લાભ પોતે લઇ તેવોજ લાભ બીજાને આપ્યો હોય, અને તેથી પણ આગળ વધી અન્યને સુખી કરવા પોતાની જાતને પણ જેણે વિસારી દીધી હોય, તેવા માણસનું જીવન ઉચ્ચ આદર્શભૂત અને સર્વોત્કૃષ્ટ છે એમ કહી શકાય.

सुखदुःखनुं कारण मन छे.

એ તો નિર્વિવાદ વાત છે કે એવું ઉત્તમ જીવન તો સુખરૂપજ હોઈ શકે. કોઇ પણ માણસનું જીવન, પછી તે રંક હો કે રાજા હો, ગમે તે હો પણ, જન્મથી મરણ પર્યંત અસ્ખલિત તો સુખરૂપ હોઇ શકેજ નહીં. પૃથ્વીતલપર ભાગ્યેજ એવી કોઇ વ્યક્તિ હશે કે જેને દુ:ખનો કડવો અનુભવ અગર અસાર સંસારમાં નિ:સારતાનો ભાસ નહીં થયો હોય. પરંતુ તેવા કઢંગા વખતને પણ સુખરૂપ કરી લઇ દુ:ખમાંથી પણ સુખ શોધી કાઢવામાં જ માણસ જાતનું ડહાપણ સમાયેલુ છે. ખરી રીતે તો આ મર્ત્ય લોકમાં જ્ઞાનદષ્ટિથી જોતાં સુખ જેવું કાંઇજ લાગતું નથી. દુ:ખનો અભાવ તેજ સુખ. પરંતુ સાંપ્રત સમય તેવી દષ્ટિથી જોવાને અનુકૂળ નથી. હાલ તો કેવા પ્રકારે માણસોનાં સુખનાં સાધનો વધે, અને કુદરતથી નિર્માણ થયેલાં જે દુ:ખ તેને કેવી રીતે અટકાવી શકાય અગર સુખરૂપ બનાવી શકાય, એ પ્રમાણે કરવા અનેક પ્રકારની શોધખોળ અને પ્રયાસ કરતો જનસમૂહ દષ્ટિએ પડે છે. આ પ્રમાણે સુખ પ્રાપ્ત કરવાના બે માર્ગ દષ્ટિગોચર થાય છે. એક તો પ્રતિકૂળ સંજોગોને પણ મનથી સુખરૂપ માની લઇ તેમાંથી પણ કંઇક જ્ઞાન મેળવવું તે, અને બીજો દુ:ખને આવતું અટકાવવા માણસો માટે સુખનાં વિવિધ સાધનો મેળવવા પ્રયાસ કરવો તે. મારા પોતાના માનવા પ્રમાણે તો બીજો માર્ગ ફળીભૂત નથીજ લાગતો. કારણ સુખદુ:ખ એ કુદરતી છે, અગર મનુષ્યે

કરેલાં કર્મનું સંચિત ફળ છે, જે તેને અનુભવ્યા વગર છુટકો જ નથી. તો પછી તે ઇશ્વરી નિયમને ઉલ્લંઘવા ક્ષુદ્ર માનવપ્રયાસ હાસ્યાસ્પદ છે. હા, તે તદ્દન અટકાવી તો ન જ શકાય પણ તેની અસર થોડી થાય તેવા ઉપાયો યોજી શકાય. આજકાલ થતી મહાન નવી શોધોમાં પણ કોઇ કોઇ વખત થતા અકસ્માતો આપણે સાંભળીયે છીયે, ને તે પરથી એવો પાઠ આપણે મેળવી શકીએ છીએ કે **મનુષ્યસત્તા ઇશ્વરીસત્તાને ઉલ્લંઘી શકતી નથી. માટે ગમે તેવી સ્થિતિમાં ચિત્તનો સંતોષ તે જ** સુખ છે અને સુખ દુઃખનું કારણ માણસનું મન જ છે.

सुख मेळववानां साधनो.

(अ) **कार्यमां प्रवृत्ति**—કેટલાંક માણસો કામકાજ છોડી સ્વસ્થ બેશી રહી આરામચેન કરવામાં જ સુખ માને છે. શરૂઆતમાં થોડો કાળ એ સ્થિતિ સુખરૂપ લાગે છે, પણ પછી વખતજ તેમને કાળ સમો લાગવા માંડે છે, અને કોઇ પણ કાર્યમાં પ્રવૃત્ત થવા સ્વાભાવિક રીતે મન પ્રેરાય છે. હવે તે વખતે જેવા સંજોગો તેવા રસ્તે મનનું વલણ થાય છે. કેટલાક કુછંદમાં પડે છે ને કેટલાક સારે રસ્તે પણ ચડે છે. કારણકે એક સરખી રીતે મન આળસમાં પડી રહેતું જ નથી. વખતે શરીર હાલ્યા ચાલ્યા વિના સ્વસ્થ રાખી શકાય, પરંતુ મન તો વાયુના વેગે અનેક બાબતોમાં ઉછાળા મારી રહેલું જ રહે છે. તેને સારૂં કે નરસું વલણ મળવું એ વ્યક્તિગત સંસ્કારપર અવલંબી રહે છે. આળસથી ઘણાં માઠાં પરિણામો આવે છે. શરીર રોગનું ઘર થઇ પડે છે, મનમાં દુષ્ટ વિચારોરૂપી ભૂતોનો પ્રવેશ થાય છે, ને કાળે કરી તન અને મન બેઉની નિર્બળતા થતી જાય છે. માટે **સમજુ મનુષ્યે તો હરહમેશ કાર્યમાં પ્રવૃત્ત જ રહેવું એ સૌથી શ્રેયસ્કર રસ્તો છે,** અને તેજ ખરા આનંદ અને સુખનો માર્ગ છે એમ ઘણા અનુભવીઓનું કહેવું છે. શરીર કામ કરવાથી સારૂં રહે છે. આરોગ્ય એ ઉત્તમ પ્રકારની કુદરત તરફથી માણસને મળેલી બક્ષીશ છે. કહ્યું છે કે " પહેલું સુખ તે જાતે નર્યા. " ઘરમાં લક્ષ્મીની રેલ છેલ હોય, કુટુંબકબીલો હોય, ઘરબાર વાડીવજીફા હોય, પરંતુ જો એક

આરોગ્ય જ ન હોય તો તે સર્વ બાબતો ન હોવા બરાબર છે. માટે **ઉત્તમ આરોગ્ય અનુભવવા કાર્યાસક્ત રહેવું આવશ્યક છે.**

(**આ**) **आरोग्य अने आनंद**—આરોગ્યનો મુખ્ય આધાર મન ઉપર રહેલો છે. **શરીર નિરોગી છતાં જેનું મન રોગી** છે, એટલે જેનો સ્વભાવ ચીડીયો ક્લેશી પરદૂષણ શોધનારો અને વિનાપ્રયોજન દુખી હોય છે **તે વહેલા મોડા રોગના મુખમાં** જઇ પડે છે. તેના દુઃખી મનની અસર તેના તન ઉપર વહેલી મોડી થયા વગર રહેતી નથી. માટે મનને આનંદમાં રાખવું એ પણ સુખનું ઉત્તમ સાધન છે. કેટલાક માણસો એવા આનંદી સ્વભાવના હોય છે કે પોતે આનંદમાં રહે છે એટલુંજ નહીં પણ તેમના મિત્રો અને સગાંવહાલાંને પણ પરિચયથી આનંદમાં રાખે છે. સાંસારિક દુખો તેમના મન ઉપર અસર કરી શકતાં નથી. તેથી તેઓ હરહમેશ સુખીજ દેખાતા હોય તેમ લાગે છે. આ પણ એક પ્રકારનું મનનું કારણ છે. માટે આપણી બુદ્ધિ શક્તિ અને દેશકાળને અનુકૂળ કોઇપણ ધંધામાં રહી તેમાંથીજ સુખ મેળવવા હમેશ પ્રયાસ કરતાં રહેવું. જે ધંધો આપણે ગ્રહણ કરેલો હોય છે તેમાંજ ઉચ્ચ સ્થિતિ મેળવવા પ્રયાસ કરવો, અને પોતાની ઉન્નતિ સાથે હરેક બનતે પ્રયત્ને અન્યની પણ યથાશક્તિ ઉન્નતિ કરતાં રહેવી એજ ખરૂ સુખ છે. કારણ **માણસ પોતે ગમે તેટલું સુખ અનુભવે, ઇંદ્રિયજન્ય ગમે તેટલો વૈભવ ભોગવે, પરંતુ તેથી કદી તૃપ્તિ થતીજ નથી, ઉલટી આસક્તિ વધ્યેજ જાય છે. માટે મનને એવાં સુખ ભોગવવા મોકળું ન મુકતાં કાબુમાં**

રાખી નિયમિત રીતે ચલાવવામાં જ સુખ રહેલું છે એમ માનવું. હદને ઉલ્લંઘી જે થાય તે હમેશ દુઃખ રૂપજ હોય છે. ઘણું થાય તે થોડાને માટે છે.

(૬) **પરહિત**—પોતે જાતે સુખ અનુભવવાથી માણસને જેટલો આનંદ મળે છે તેથી અધિકતર આનંદ પોતાના જેવું સુખ બીજાને આપી અગર મનુષ્ય જાતનું ભલું કરવાથી થાય છે એ નિ:સંશય છે. ઈતર વર્ગને કેવળ લક્ષ્મીથી જ મદદ કરી શકાય છે તેમ કાંઇ નથી પણ સારી સલાહ આપીને તથા શારીરિક મદદ આપીને પણ બીજાને દુઃખમાં સાહાય આપી શકાય છે

(૭) **લક્ષ્મીનો સદુપયોગ**—લક્ષ્મી એજ કેવળ સુખનું સાધન નથી. લક્ષ્મીને મેળવતાં જેમ દુઃખ પડે છે તેમ સાચવતાં પણ દુઃખ પડે છે. અને ગમે તેટલું સાચવીએ પણ જે રસ્તે આવી તે રસ્તે તેની સ્વાભાવિક ચંચળ વૃત્તિથી તે ચાલી જાય છે ત્યારે પણ દુઃખજ થાય છે. માટે એ અસ્થિર એવી જે લક્ષ્મી તેમાં સમજુ માણસે મોહ પામવું નહીં. પણ ભરતીના પાણીની પેઠે પોતા-પર એ દેવીની જ્યારે કૃપા હોય ત્યારે તેનો સદુપયોગ કરી લેવો.

(૮) **સંતતિ**—વળી સંસારમાં કેટલાક માણસો ધનવાન છતાં સંતતિહીન હોવાથી દુઃખી દેખાય છે. તેમની અઢળક લક્ષ્મી કે જે ગરીબ વર્ગમાં વહેંચવામાં આવે તો અનેક દુઃખીઓને દુઃખ-

મુક્ત કરી શકાય તેટલી છે તે તેમના પોતાના એકને જ માટે **પણ પ્રજા વગર લેશ પણ સુખરૂપ લાગતી નથી. તેમનું** મન લક્ષ્મીથી સુખ પામતું નથી. પણ છોકરાં છૈયાંમાં જ તેમની જંખના રહેલી છે. જો ઇશ્વરકૃપાથી એકાદ પુત્રરત્ન તેમને પ્રાપ્ત થાય છે તો પછી તે પોતાનો સમસ્ત વૈભવ તેની આગળ તૃણ બરાબર ગણે છે. આથી ઉલટું ઘણાં છોકરાં વાળો કોઇ ગરીબ મનુષ્ય ગુજરાન ચલાવવા માટે પૈસા મેળવવા અનેક વલખાં મારતો સંસારમાં દષ્ટિએ પડે છે.

(ऊ) **पुस्तको**—વળી કોઇ કોઇ માણસને સંસારમાં પૈસો કુટુંબ કબીલો હોવા છતાં **ઉત્તમ પુસ્તકોનું વાંચન જ તેમના નિરતિશય આનંદનું સાધન હોય તેમ જણાય છે.** તે આનંદ આગળ તેને સંસારનાં અન્ય સુખો તુચ્છ જેવાં લાગે છે, અને અહર્નિશ પુસ્તકો દ્વારા ઉત્તમ રસપાન કરવામાં તે અતિ આનંદ માને છે.

(ए) **कुदरतनु अवलोकन**—કોઈ કોઇને કુદરતની અટપટી લીલાનું બારીકાઇથી અવલોકન કરવામાં જ અનુપમ આનંદનો ભાસ થતો જોવામાં આવે છે. **પંચ મહાભૂતોની ઉત્પત્તિ અને તેનાં વિવિધ રૂપાંતર બારીકાઈથી અવલોકવામાં જ તે આનંદ માને છે. તેની આગળ સંસારનાં અન્ય સુખો કાંઇજ વિસાતમાં નથી** એમજ તે માને છે.

(पे) **मनपसंद बाबत**—આ પ્રમાણે માણુસો જૂદી જૂદી સ્થિતિમાં સુખ માને છે. એક વ્યક્તિને જે સુખમય ભાસે છે તેજ બીજી વ્યક્તિને નિરસ લાગે છે. ત્યારે આ ઉપરથી એમજ અનુમાન થઇ શકે છે કે સુખદુઃખનું કારણ કેવળ મન જ છે. અગર જે જેને પ્રિય તે તેને સુખ રૂપ લાગે છે. પ્રિય તો વિષયી માણુસને વિષયભોગ પણ લાગે છે, પણ તેથી તે સુખનું સાધન છે એમ ન જ કહી શકાય. શિષ્ટ વર્ગ જેને નિર્દોષ આનંદનાં સાધન રૂપ ગણે છે તેનું સુખ તે જ ખરૂં સુખ છે. સુખને રસ્તે ચાલવાથી સુખ મળે છે ને દુઃખના માર્ગ પકડવાથી દુઃખજ પ્રાપ્ત થાય છે.

(मो) **सुखदुःख पोताने ज आधीन छे**—આ પ્રમાણે સુખ ને દુઃખ અગર ઉન્નતિ અને અવનતિ મેળવવી તે માણુસના પોતાના જ હાથમાં છે. જેવો માર્ગ તે ગ્રહણ કરે છે તેવું ફળ તેને પ્રાપ્ત થાય છે. જાણતાં છતાં અવળે રસ્તે ચાલે તેના જેવો કોઈ મૂર્ખ નથી. જન્મથી દુઃખમાં ઉછરેલો માણુસ પણ દૃઢ નિશ્ચય અને ઉત્તમ મનોબળથી પોતાની જાતને ઉચ્ચ બનાવી શકે છે. કાંઈ જન્મ માત્રથીજ કોઇ ઉચ્ચ કે નીચ થઇ અવતરતું નથી. આપણા ઇતિહાસમાં તેમજ હિંદુશાસ્ત્રોમાં એવાં અનેક દૃષ્ટાંતો મળી આવે છે કે નીચ યોનિમાં અગર ગરીબને ઘેર જન્મેલા એવા ઘણા માણુસો સ્વબળથી અગર બુદ્ધિપ્રભાવથી નામાંકિત થઈ જનસમૂહના પૂજનીય થઈ ગયા છે. તેને માટે દૃઢ નિશ્ચય હોવો જોઇએ અને અડચણોથી ગાંજી ન જતાં આગળ ને આગળ એકજ

લક્ષ્યબિંદુ રાખી ધપ્યાં જવાથી છેવટે તેની ઇપ્સિત વસ્તુ તેને જરૂર પ્રાપ્ત થાય છે. પ્રયાસ વગર તો કશુંજ મળતું નથી. વખતે કોઇ કોઇ વાર વિનાપ્રયાસે પણ કાંઇ અણધાર્યો લાભ મળી જતો જોવામાં આવે છે, પણ તેનો આનંદ તે લાભ મહેનતથી મેળવ્યો હોય ને જે થાય તેટલો થતો નથી, ને તેની કિંમત પણ તેટલી લાગતી નથી. એ તો **સ્વબળથી મેળવેલા શુભ ફળનો અતિશય આનંદ માણસ લાંબી મુદત ભોગવી શકે** છે. જેમ અનાયાસે આવે છે તેમજ અનાયાસે ચાલ્યુ પણ જાય છે. જે ઝાડને ઉગતાં વધારે વર્ષો લાગે છે તેને પડતાં પણ ઘણાં વર્ષો લાગે છે, પણ **જે ઝટ વધે છે તે ઝટ પડે છે.** એ કુદરતી નિયમ ઘણીવાર જોવામાં આવે છે.

હવે આ અટપટીયા સંસારમાં ઉચ્ચપદ પ્રાપ્ત કરવા માણસને શેની શેની જરૂર પડે છે ને કયેકયે રસ્તે ચાલવાથી સુખ મેળવી શકાય છે તે બાબતો વિષે આપણે વિચાર કરીશું.

उन्नतिनुं मुख्य साधन नीति छे.

(अ) **नीतिनुं सत्य स्वरुप**—આપણા હિંદુશાસ્ત્ર પ્રમાણે અને બીજી સઘળી પ્રજાઓના ધર્મ ગ્રંથો પ્રમાણે **સંસારમાં સુખ મેળવવાનું મુખ્ય સાધન નીતિ ગણાય છે.** દુઃખ એ નીતિના નિયમોના ઉલ્લંઘનની શિક્ષા છે એમ કહેવાય છે. યદ્યપિ અનીતિને રસ્તે પણ દ્રવ્યોપાર્જન કરી શકાય છે અગર અનેક વૈભવો પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ તેનો પાયો દોદળો હોવાથી તે લાંબા વખત સુધી ટકી શકતું નથી; ઇશ્વરથી ડરીને, અગર પોતાની રહેણી કરણીથી રખેને કોઇને વિનાકારણ જાણ્યે અજાણ્યે હરકત થાય એવા ભયથી વર્તવું એજ ખરી નીતિ છે. **કોઇના અંકુશથી અગર તો અનીતિને રસ્તે ચાલવાથી જનાપવાદથી ડરી નીતિના નિયમોનું પરિપાલન કરવું એ કાંઇ ખરી નીતિ નથી.** કારણકે તેવા માણસોનો વિચાર અનીતિને રસ્તે જવાનો તો ખરોજ પણ જનનિર્ભર્ત્સનાથી ડરીને જ તેમ કરતાં તેઓ અટકે છે. એથી શું એમ નથી કહી શકાતું કે તેનું મન તો શુદ્ધ નીતિમાન નથી ? અને **આજકાલ જાહેરમાં મહાન નામધારી અગર બહારથી કીર્તિના શિખરે પહોંચેલા એવા જનોનું ખાનગી જીવન તપાસતાં એવી કૈક લીલાઓ નજરે પણ પડે છે, એ બેશક દીલગીર થવા જેવું છે.** એ તો જનસમાજને એ પ્રમાણે એક પ્રકારની ભૂલથાપ ખવરાવવાનો માર્ગ છે. **મનશુદ્ધિ એજ ખરી પવિત્રતા છે. બહારથી ટીલાં ટપકાં કરે અને મોઢથી રામ નામ**

જપે તેજ કાંઈ ખરા નીતિમાન છે એમ માની શકાય નહીં. એવા ઘણાએ સ્વાર્થી સાધુ હોય છે કે જે પોતાના લાભની ખાતર એવો વેશ કાઢી તે ઘણી સારી રીતે ભજવી પણ શકે છે. લાંબો વિચાર નહીં કરનારી અગર બારીકાઇથી તપાસ કરી ન શકે તેવી ભોળી પ્રજા એવા દંભીઓના દંભમાં ભોળવાઇ જાય છે.

(આ) **પરહિતમાં જ પોતાનું હિત છે**—નીતિનો માર્ગજ સુખાવહ છે. તે રસ્તે ચાલવાથી મન કેવળ શુદ્ધ થઇ જવાથી મલિન વિચારોને સ્થાન મળતું નથી. એ પ્રમાણે મનશુદ્ધિ થવાથી આત્મોન્નતિ આપોઆપ મેળવાય છે. એ લાભ લેતાં લેતાં અન્યને પણ એ અનુપમ સુખનો લ્હાવ લેવરાવવા હૃદયમાં પ્રેરણા થાય છે. અને પછી તો આત્મસુખ તરફ ધ્યાન ન આપતાં પરહિતના માર્ગમાંજ મશગુલ થઇ જવાય છે. એ પ્રમાણે જનસમાજનું હિત સાધતાં સાધતાં પોતાનું પણ હિત સાથે જ સધાતું જાય છે. **અન્યનું બુરૂં ચહાતાં કે કરતાં અન્યને જેટલો ગેરફાયદો થાય છે તેથી અધિક ગેરલાભ તો બુરૂં ચાહનારને થાય છે તે નિઃસંશય છે.** પોતાનું બુરૂં કરનારને પણ ક્ષમા આપવી એમાંજ વડાઇ છે. વેર સામું વેર તો જડ પદાર્થ પણ લે છે. ભીંતમાં પણ મુક્કી મારવાથી તે તેટલાજ જોરથી સામી વાગે છે. ખરૂં પરાક્રમ વેર લેવામાં નથી પણ માફી આપવામાં રહેલું છે. **વેર લેવાથી વેર વધે છે પણ ક્ષમા આપવાથી તે શાંત થાય છે.** બુરૂં કરનાર માણસને ક્ષમા મળવાથી તે આપોઆપ પોતાના મનમાં પસ્તાય છે; અને શરમાઇને ફરીથી તે માર્ગે જતો જ નથી. વળી ક્ષમા કરનારના

હૃદયમાં પણ કોઈ અલૌકિક આનંદ થાય છે. આ પ્રમાણે દયા કરવાથી કરનાર અને જેના તરફ કરવામાં આવે છે તે બેઉ અનુપમ સુખના ભોક્તા થાય છે માટે મનુષ્ય માત્રે ઉદાર દિલ રાખવાની જરૂર છે.

(૬) **स्वार्थत्याग**–સંસારનું ખરૂં સુખ વૈભવનો ઉપભોગ જેમ બને તેમ પોતેજ કરવામાં નથી પણ તેનો અન્યને અર્થે ત્યાગ કરવામાં છે. એક પવિત્ર નિયમ છે કે **જે તારે જોઇતું હોય તે બીજાને આપ.** એટલે કે અન્યને અર્થે કરેલા સ્વાર્થત્યાગનો બદલો ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે ઇશ્વર આપે જ છે. તેથી ઉલટું સાંકડા વિચારથી વૈભવોનો જાતે જ ઉપયોગ કરતાં તે કાળે કરીને નાશ પામે છે પણ વધતો જતો નથી. **સ્વાર્થત્યાગથી કંઇ ઉણપ આવી જતી નથી ને પારકાનું કલ્યાણ કરનારની કદિ દુર્ગતિ થતી નથી** એમ આપણાં શાસ્ત્રોમાં પણ પોકારીને કહેલું છે. પુણ્ય કરવાનો નિયમ આ હેતુને અનુસરીનેજ આપણા ધર્મ ગ્રંથોમાં લખેલો છે. મતલબ કે **અન્ય આત્માની શાંતિ તે જ પોતાની શાંતિ** છે. યથાશક્તિ અન્યને આપેલું સુખ તે જ પોતાનું સુખ છે એમાં કાંઇ શક નથી. સખાવત કરવી પણ તે પાત્ર જોઇને જ કરવી. જેમ કુક્ષેત્રમાં નાંખેલાં બીજ સમૂળગાં નાશ પામે છે તેમ કુપાત્રે કરેલી સખાવત કંઇ ફળ આપતી નથી.

(૭) **नीतिनी एक खरी पद्धति**—કેટલીક વખત એક માર્ગે મોટી સખાવતો કરી ઉદાર દિલથી વર્તવામાં આવેછે

અને બીજે રસ્તે તેનું ઉલ્લંઘન થતું જોવામાં આવે છે તે ખોટું છે. ઘેર મોટા મોટા યજ્ઞો કરાતા હોય, હરહમેશ દેવાર્ચન અને બ્રહ્મભોજન ચાલતાં હોય અને બીજી તરફ સ્વજ્ઞાતિ બંધુઓનો ઉત્કર્ષ જોઇ ઇર્ષ્યાગ્નિ પ્રજ્વલાતો હોય અને કન્યાવિક્રય તથા વરવિક્રય ચાલતા હોય, તો પછી આમાં ઉદાર દિલ ક્યાં રહ્યું ? બીજો દાખલો, જનસમાજના હિતની મોટી મોટી વાતો અને ભાષણો અપાતાં હોય પણ પોતાના ન્હાનકડા ઘરના કુટુંબીઓનાં જ સામાન્ય હિત તરફ જ દુર્લક્ષ કરાતું હોય, પોતાનું સારૂં કરવા બીજાના દુઃખની લાગણી ના ગણકારાતી હોય, તો પછી " કાકા પરણ્યા ને ફૂઇ રાંડયાં " જેવું જ થાય છે. પોતાના આનંદની ખાતર અન્ય કોઇપણ પ્રાણીની લાગણી દુભવવી એ એક પ્રકારની અનીતિ જ છે.

व्यावहारिक सुखना प्रकार.

(अ) कौटुंबिक सुख—આ પ્રમાણે વ્યવહારમાં ડગલે ડગલે નીતિનું અવલંબન કરવાની જરૂર પડે છે. જો તે પ્રમાણે ચલાય તો પછી અસાર સંસારમાં પણ કાંઇક સારનું સ્વપ્નું અનુભવાય ખરૂં. સ્વપ્નું કહેવાનું કારણ એ જ કે મનુષ્ય જીવનજ સ્વપ્નસમ છે. તો પછી એ ક્ષણિક સુખાભાસ તે સ્વપ્ન નહીં તો બીજું શું ? સંસાર આવો છતાં પણ **પોતાની જન્મભૂમિમાં ભાઇ ભાંડુઓનો નિઃસ્વાર્થી સ્નેહ, બ્હેનનાં હેત, અને જનનીનું વાત્સલ્ય એ જેણે અનુભવ્યાં હશે તે કોણ ના કહી શકશે કે સહરાના રણ જેવા સંસારમાં પણ લીલી લીલોતરીવાળી જગાઓ જેવાં સુખનાં સ્થળ ઇશ્વરે નિર્માણ કર્યા નથી !** એ પરમ સુખ આગળ અન્ય સર્વ વૈભવ અને સાહેબી ક્ષુદ્ર સમ ભાસે છે, અને મોટી ઉમરમાં આવ્યા પછી **એ ધન્ય પળોનું સ્મરણ માત્ર પણ તે વખતના સર્વ સુખોથી ચઢીઆતું** લાગે છે. આ પ્રમાણે માણસોને અન્યને ચાહવાના અને અન્યને અર્થે સ્વાર્થત્યાગ કરવાના પાઠની શરૂઆત કુટુંબીઓ તરફથી જ પ્રથમ મળે છે.

(आ) मीठी जीभ—સર્વ સાથે હળીમળીને ચાલવાથી જે સુખ અનુભવાય છે તે લડતાં ઝગડતાં અનુભવાતું નથી. કલેશ એ જ ઉદ્વેગનું કારણ છે. શું કલેશ કરનારને પણ બીજા સાથે લડવાથી

ક્લેશ થતો નથી ? જે કામ ભલમનસાઇ અને સલાહસંપથી થાય છે તે જોરજુલમ અને લડવાથી થતું નથી. **વચનમાં શા માટે દરિદ્રતા રાખવી ?** બેશક કોઇને ઠપકો આપવા જેવો પ્રસંગ આવે તો તે એકાંતમાં બોલાવીને આપવાથી તેનાપર સારી અસર થશે. એથી ઉલટું માણસો વચ્ચે તેમ કરવા જતાં તે ઠપકાની અસર વૈરનું રૂપ પકડે છે. વળી કોઇનાં વખાણ કરવાં હોય તો સર્વની સમક્ષ કરવાં તેથી જેનાં વખાણ કરાતાં હોય તેને અનેકગણું પ્રોત્સાહન મળે છે. મોઢામાંથી નીકળેલું વાક્ય પાછું પેસતું નથી **હથીયારના ઘા કરતાં વાગ્બાણના ઘા ઘણા કારી લાગે છે,** ને તે રૂઝતાં ઘણો વખત લાગે છે, માટે સમજુ માણસે કુહાડા જેવી જીભથી નકામું સંસારમા વૈર ઉભું કરવું નહીં અને કડવાશ વ્હોરવી નહીં. એ પ્રમાણે કરવાથી પોતાની કીર્તિ વધતી નથી પણ ઘટે છે. સભ્યતા અને વિનયથી વર્તતાં પ્રતિષ્ઠા આબરૂ વધે છે. કોઇને પણ મોઢા ઉપર તેને ખોટું લાગે તેવાં તડ ને ફડ સત્ય વચનો કહેવાની શી જરૂર ? જો કે આપણે તો તેના ફાયદાને માટેજ કહીએ છીએ તેમ માનતા હોઇએ પણ તેમ કરવા જતાં દુસ્મનાવટ ઉભી કરીએ છીએ એ ધ્યાનમાં રાખવાની ખાસ જરૂર છે. **મીઠી જીભ અને વિનયાન્વિત વર્તણુક એ એક જાતનું વશીકરણ છે.**

(૬) **મિત્રો**—આ પ્રમાણે ચાલવાથી સંસારમાં બધા જ આપણા મિત્ર થાય છે. ઉત્તમ મિત્રો એ પણ સાંસારિક સુખો મેળવવાનું મુખ્ય સાધન છે. મિત્રો એ એક જાતનું રસાયણ છે કે જે આપણાં દુઃખોને દૂર કરે છે, ભીડમાં સાહાય કરે છે, આપત્તિમાંથી બચાવે છે,

અને ઉન્નતિને માર્ગે દોરે છે. માટે માણુસ માત્રે ઉત્તમ મિત્રોનો સમાગમ અવશ્ય રાખવો. કપાળે કપાળે જૂદી મતિ છે. શેરને માથે સવાશેર હોય છે જ. માટે મિત્રોના સહવાસથી કંઇ કંઇ નવું જાણુવાનું મળે છે. પોતાનામાં રહેલા દોષ બીજાના સદ્ગુણોના સંગથી ત્યાગી સદ્ગુણો સંઘરી શકાય છે. **માથે આવી પડેલી આફતના વખતમાં મિત્રોના સ્નેહાળ શબ્દોજ માત્ર હૃદય પર કેવી આનંદની છાયા પાડે છે એ જેણે અનુભવ્યું હશે તે જ મિત્રની કિંમત આંકી શકશે.**

(૬) **સ્નેહની લાગણી**—દુનીયામાં પ્યાર શું નથી કરતો? પ્યારથી કીડો પતંગીયું બની જાય છે, પ્યારથી પક્ષીઓ કને ગીતો ગવરાવાય છે, પ્યારથી ઝેરી ભયંકર પ્રાણીઓ ગરીબ ગાય જેવાં થઇ વશ બની જાય છે, અને પ્યારથી ફુલો ખીલે છે. એવો અલૌકિક શક્તિવાળો જે પ્યાર તેથી દુનીયા વશ કેમ ન થાય? માટે મનુષ્ય માત્રે **ઝેરનાં બી વાવી તેનાં કડવાં ફળ અનુભવવાને બદલે પ્યારનાં બીજ વેરી તેનાં મીઠાં ફળ કાં ન મેળવવાં?** પ્રાણી માત્ર તરફ પ્યારની દૃષ્ટિથી જોનારા મહાત્માઓને કોની સાથે દુષ્મનાવટ હોય છે? હિંસક પ્રાણીઓ પણ તેમને કેવાં વશ થઇ જાય છે? માટે મનુષ્યો તરફ પ્યારથી વર્તવાથી તેમનો પ્યાર કેમ ન મેળવી શકાય?

(૭) **ઉજળી બાજુ જ જોવી**—માણુસના દુર્ગુણ શોધવા બેસીએ તો સર્વનામાં કાંઇને કાંઇ જ મળી આવે છે. **સકળ શુભ-**

ગુણસંપન્ન તો પરમાત્મા સિવાય બીજું કોઇ જ નથી. માટે બીજાના દુર્ગુણ જોઇને નકામો કલેશ વ્હોરવા જેવી મૂર્ખાઈ કરવા જતાં પોતાના જ દોષ શોધવાનું ડહાપણુ કરાય તો ઘણું સારૂં છે. અન્યતા તો ગુણ જ જોવા કે જેમાથી આપણને કાંઇ શીખવાનું મળે. એક બાજુ દૂધ અને એક બાજુ ઝેરના ભરેલા પ્યાલા પૈકી દૂધનો પ્યાલો છોડી ઝેરનો અનુભવ કરવા તત્પર થાય તેને લોકો મૂર્ખ નહીં તો બીજું શુ કહે? તેની પેઠેજ બીજાના ગુણ નહીં જોતાં દોષ જ શોધવાની ટેવવાળાનું સમજવું. **જે મનુષ્યના આશય હમેશાં ઉચ્ચ છે ને પરાયા હિત માટે સદા તત્પર છે એવા માણસનો એકાદ દોષ હોય તો ચંદ્રના કલંકની પેઠે તે તરફ દુર્લક્ષ કરવું જોઇએ.** અને એટલુ તો ખાત્રીપૂર્વક માનવું કે એવા જાહેર રીતે સદ્ગુણી માણસને વળગેલો એકાદ દુર્ગુણ ટીકા કરતા દયાને વધારે પાત્ર છે. એતો નક્કી છે કે તે માણસ અધમ તો હોઈ શકે જ નહીં, કાંઈ પ્રારબ્ધવશાત તેવી ખોડ તેનામાં રહી ગઇ હોય તો તે આગળ પાડવી ન જોઇએ.

(ऊ) **दुनाया उपलर्कायो मत बांधे छे**—આવા એકાદ દોષવાળા સદ્ગુણી માણસને મૂર્ખ દુનીયા વખોડે છે અને અનીતિને રસ્તે લક્ષ્મી મેળવીને શ્રીમંતમાં ખપતા બડખાંઓને નમતી ચાલે છે એ દોરંગી દુનીઆની બલિહારી જ છે. ખરા

સોનાને મુકી ઓપના ઝગઝગાટથી મોહી તેને પહેલું પસંદ કરે છે પણ તેથી તે ઓપની કિંમત સાચા સોનાના સરખી કદી જ થઇ શકતી નથી. અણકેળવાયલા વર્ગ પૈકીનો કોઇ માણસ કે જેને ઉત્તમ સંસ્કારોની ગંધ જ નથી તેવો માણસ નીતિનો ભંગ કરે તે જેટલું નિંદ્ય છે તેના કરતાં પોતાને કેળવાયેલામાં ખપાવવા માગતો હોય તેવા તરફથી થયેલો નીતિનો ભંગ અધિકતર ગર્હણીય છે. કારણ કે પેલા માણસને પોતાની ભૂલનું ખરૂં સ્વરૂપ લક્ષ બહાર છે અને બીજો તેનું સ્વરૂપ અને પરિણામ જાણતાં છતાં ભૂલ કરે છે. વળી કેદખાનામાં રહેલા જ માણસોએ નીતિનો ભંગ કરેલો છે એમ જ કેવળ સમજવાનું નથી, કારણકે તેમનાથી પણ વધારે ભયંકર પાપો કરવાવાળા કેદખાનાની બહાર મહાન નરોની ગણત્રીમાં ખપતા હોય છે એ પણ દુનીઆની અજાયબી જ છે.

(૫) **કેટલીક છુટ**—આ પ્રમાણે બારીકાઇથી જોવા છતા કેટલીક બાબતોમાં તો છુટ મુકવી પડે છે. દાખલા તરીકે કોઇનો પ્રાણ બચાવવા ખોટું બોલવું પડે છે. રોગીને તેના ભયંકર રોગનું ખરૂ સ્વરૂપ કહેતાં અચકાવું પડે છે. સભ્યતાની ખાતર આંગણે આવેલા દુષ્ટને પણ સદ્‌ગૃહસ્થના જેવું સન્માન આપવું પડે છે. વળી કેટલાક પ્રસંગો અને ધંધા જ એવા હોય છે કે જેમાં

નીતિના સિદ્ધાંતોનુ ચુસ્ત રીતે પરિપાલન થઇ શકતું નથી. જેમકે લડાઇનો પ્રસંગ. તેમાં સામા દુષ્ટનું કઈ રીતે વધારે અહિત થાય તેવા અનેક ઉપાયો અને પ્રપંચો રચાતા જ હોય છે. સામાની ગફ્લતનો લાભ લેવાય છે, અને સુકા સાથે લીલું પણ કોઈવાર બાળી મુકવું પડે છે. વકીલનો ધધો સાચાનું જુઠું ને જુઠાનુ સાચું કરવાનો જ છે, છતાં તે આબરૂદાર ગણાય છે! માટે અસારમાંથી પણ સાર ખેંચી દેશકાળને અનુસરી બનતે પ્રયત્ને નીતિના માર્ગે જ ચાલવું એ જ સંસારમાં સુખ મેળવવાનો ઉત્તમ માર્ગ છે.

खरी केळवणीथी जीवन उच्च थाय छे.

(अ) शारीरिक केळवणी—માણસને નીતિ અને અનીતિનું ખરૂં ભાન કેળવણીથી થાય છે. અણકેળવાયેલાથી થયેલો દોષ બાળકના દોષની પેઠે આગળ જણાવ્યા પ્રમાણે દરગુજર કરાય છે. તનની તેમજ મનની કેળવણી એ ઉન્નતિ મેળવવાનું પ્રબળ સાધન છે. શારીરિક કેળવણી તરફ હાલ પ્રાચીન સમયના જેટલું લક્ષ અપાતું નથી એ શોચનીય છે. આપણાં પૂર્વજોના શરીર આયુષ્ય અને બળ આગળ આપણે ખરેખર ક્ષુદ્ર સમાન લાગીએ છીએ. કારણકે આપણાં શરીર કસાતાં નથી. શરીરના પ્રત્યેક અવયવો ખીલવવા પુરતી કસરત અપાતી નથી. તાલીમખાનાં અને અખાડા ઠેર ઠેર નિશાળોની પેઠે જોવામાં આવતા નથી. આજકાલનો સુધારો એમજ સમજતો દેખાય છે કે મનની કેળવણી માત્રથી જ ઉન્નતિ સાધી શકાશે. પણ આ એક ભયંકર ભૂલ થાય છે. માનસિક કેળવણી ગમે તેવી ઉચ્ચ હોય પણ શારીરિક સુખ વિના તે નિરર્થક છે. આજકાલ મોટી મોટી પદવિઓ લઇ બહાર પડેલા યુવાનો ટુંકું આયુષ્ય ભોગવી ચાલ્યા જતા જોવામાં આવે છે. તેમાં ખાસ કરી યુનીવર્સીટીના ફર્સ્ટ કલાસ ગ્રેજ્યુએટોના મરણનું પ્રમાણ વધારે જોવામાં આવે છે. માટે માનસિક કેળવણી જેટલીજ બલ્કે તેથી વિશેષ શારીરિક કેળવણી લેવાની પણ અગત્ય છે.

(આ) **નિશાળની કેળવણી**—નિશાળમાં અપાતુ શિક્ષણ કાંઇ સંપૂર્ણ શિક્ષણ નથી. તેતો જ્ઞાનના વિશાળ સમુદ્ર તરફ જવાના માર્ગનું સૂચન માત્ર છે. ભાષાજ્ઞાન માત્ર અપાય છે; તેટલામાંજ કાંઇ સંપૂર્ણ કેળવણી આવી જતી નથી. **સ્કુલમાં અપાતું વ્યાકરણ ભૂગોળ વાંચન વગેરેનું જ્ઞાન તે જમવાનાં સાહિત્ય થાળી વાટકા લોટા જેવાં છે. જેમ તે પાત્રો ખરેખરૂં ભોજન નથી પણ તે વડે જમી શકાય છે, તેમ તે વ્યાકરણ વગેરે ખરૂં જ્ઞાન નથી પણ તે શીખીને તે દ્વારા ઉત્તમ જ્ઞાન મેળવી શકાય છે.** વળી કેળવણી કાંઇ અમુક ધંધાનો માણસ તૈયાર કરતી નથી, પણ ખરો માણસ બનાવે છે; એટલે માણસને યોગ્ય સર્વ સામાન્ય બાબતોનું જ્ઞાન આપી તેની બુદ્ધિ વગેરે ખીલાવે છે. હાલની કેળવણી ઘણી અપૂર્ણ છે. જેવી બાબતની જરૂર છે તેવી બાબતો મુકીજ દેવામાં આવે છે, અને જેની જરૂર પછી આગળ જતાં પડે તેમ છે તે પ્રથમ શિખવાડાય છે. **ખાસ કરીને ભાષાનું ઉત્તમ જ્ઞાન, પોતાના દેશનો પ્રાચીન અર્વાચીન ઇતિહાસ, સાંસારિક જ્ઞાન અને નીતિનું જ્ઞાન તો અવશ્ય અપાવું જોઇએ. વળી હાલના સમયને અનુસરી વેપાર અને ખેતીનું જ્ઞાન પણ અપાવું જોઇએ કે** જેથી વિદ્યાર્થી શાળામાંથી છુટો થઇ અમુક બાબતનું સંપૂર્ણ જ્ઞાન મેળવેલું હોય તો તે ધંધામા પ્રવૃત્ત થઇ શકે. બાળકેળવણી એ સઘળી કેળવણીનો મુખ્ય પાયો છે, કારણ કે મનુષ્યની ભાવિ જીંદગીની શરૂઆત ત્યાંથી જ થાય છે. માટે તે વખતે જેમ બને તેમ

વધારે સાવચેતીથી જેવા પ્રકારનું બાળક કરવું હોય તેવી તાલીમ આપવી. છોકરાંને નાનપણમાં હદ કરતાં જાદે છુટ આપવાથી તે અવળે રસ્તે ચડી જાય છે માટે તેવી છુટ એકદમ ન આપવી. જેવી રીતે એકાદ તળાવમાં પાણી આવે તેટલું બધુ પુરીજ રાખવાથી એકાએક તે પાળ તોડીને મરજી માફક વહેવા માંડે છે તેમ બાળકોને નાનપણમાં હદ કરતાં જાદે અંકુશમાં રાખવાથી પણ મોટપણે તે સ્વેચ્છાચારી થઇ જવાનો સંભવ છે. માટે જેમ જેમ ઉમર વધતી જાય તેમ તેમ તેમને યોગ્ય છુટ આપતા જવી એ વધારે ફાયદાકારક છે. બાળકને જે ધંધામાં નાખવું હોય તે ધંધાની કેળવણી શરૂઆતથી જ આપવી જોઇએ. દાખલા તરીકે **કેળવણી ખાતા માટે તૈયાર કરેલા છોકરાને પોસ્ટ ખાતામાં નાખવાથી તેની આખી જીંદગી ખરાબ થાય છે.** માટે છોકરાની બુદ્ધિ શક્તિ અને સ્થિતિ અનુસાર ધંધામાં જ તેને જોડવો એ લાભકારક છે. તેથી તેમાં તે મન દઇને કામ કરે છે અને આગળ વધવા પ્રયાસ કર્યે જાય છે. એ પ્રમાણે કાર્યમાં મશગુલ રહેવાથી અનીતિના રસ્તાથી તેનાથી સ્વાભાવિક રીતે દૂરજ રહેવાય છે.

(૬) **માણસ પોતે જ પોતાનો ગુરુ છે**—બીજાના બોધ કરતાં માણસ પોતેજ પોતાની જાતને વધારે સારી રીતે સુધારી શકે છે. **પોતાની જાતના જેવો માણસને બીજો કોઇ મિત્ર તેમજ શત્રુ નથી** પોતાનાજ ગુણ અવગુણ સમજી શકવા અને તેમાં યોગ્ય સુધારો કરવા જેવી શક્તિ મેળવવી એ કાંઇ સહેલી વાત નથી. અને જેને એટલી શક્તિ છે તેને બીજા કનેથી ઉછીનું જ્ઞાન

લેવાની જરૂર રહેતી નથી. પોતે પોતાનું ખરૂં સ્વરૂપ ઓળખવું એનેતો જ્ઞાનની ઉત્તમ પદ્ધતી આપણા શાસ્ત્રોમાં કહેલી છે તે તદ્દન ખરૂં છે.

(૬) **પુસ્તકશાળા એ પુખ્ત વયના માણસોની પાઠશાળા છે**—પુખ્ત ઉંમરમાં આવ્યા પછી ઉત્તમ પુસ્તકોનું વાંચન એ પણ જ્ઞાન મેળવવાનું અગર કેળવણી લેવાનું મોટું સાધન છે. **પુસ્તકશાળા એ પુખ્ત વયના માણસોની નિશાળ છે એમ કહેવું એ ખોટું નથી.** એથી ચારિત્ર્ય ઉપર જબરી છાપ પડે છે. વૃદ્ધાવસ્થામાં તો તે ઉત્તમ મિત્રોની ગરજ સારે છે અને કંટાળા ભરેલો લાંબો વખત સુખરૂપ બનાવી દે છે. પુસ્તક દ્વારા જે પ્રકારનું જ્ઞાન મેળવવા ઇચ્છીએ તે પ્રકારનું વગર ફીએ ઘેર બેઠાં સહેલાઇથી મેળવી શકાય છે. માટે પોતાની ઉન્નતિ ઇચ્છનારાએ અને જાતની સુધારણા ઇચ્છનારાએ ઉત્તમ પુસ્તકોનો વ્યાસંગ જરૂર રાખવો. પુસ્તકોનુ વાંચન માત્ર જ્ઞાનદાતા નથી. તેતો ઘર કરાવવું હોય ત્યારે જેમ સઘળા પ્રકારનો સરસામાન ભેગો કરીએ છીએ તેના જેવું છે. વાંચેલાનુ મનન કરવુ તે નકામો સામાન કાઢી નાખવો, સમારી જોઇએ તેવા આકારનો બનાવવો અને સારૂં મકાન ઉભું કરવા બરાબર છે. તે વિષય ઉપર વાદવિવાદ કરવો તે મકાનનું માપ લેવું, તેનું પ્રમાણ જોવું, તેની મજબુતી જોવી ને ખોડખાંપણ શોધી કાઢવી તેની બરાબર છે. માટે **જ્ઞાન મેળવવા ફક્ત વાંચન એકલુંજ પુરતું નથી, પણ તેનું મનન અને તે ઉપર સારી પેઠે ચર્ચાની પણ જરૂર છે.**

(उ) **संसार एक महाशाळा छे**—કેળવણી લેવાને સંસાર એ એક મહા પાઠશાળા છે. તેમાં અનુભવથી જે જ્ઞાન મેળવાય છે તે નિશાળમાં મળી શકતું નથી. માટે દરેક **માણસ મરણ પર્યંત એક વિદ્યાર્થી જ છે.** અને તે સંસારરૂપી શાળામાંથી શિક્ષણ લેતો જ જાય છે એમ સમજવું જોઇએ.

(ऊ) **सद्वर्तन एज उत्तम चारित्र्य छे**—આ પ્રમાણે શારીરિક તેમજ માનસિક બળ સરખે હિસ્સે કેળવવાની આવશ્યકતા આપણે જોઈ શકયા. તેમ કરવાથી માણુસ ઉત્તમ દશા પ્રાપ્ત કરી શકે છે. આમ સઘળા પ્રકારની તાલીમ મળ્યા છતાં પણ મનુષ્ય સ્વભાવ ભૂલને પાત્ર છે. શારીરિક બળવાળાનું માનસિક બળ કોઇ કોઇ વાર શિથિલ જોવામાં આવે છે. માટે **સદાચરણી થવા અને લાલચો હઠાવવા માટે મનોનિગ્રહ અને આત્મસંયમની ખાસ આવશ્યકતા છે.** ચંચળ મન કોઇ કોઇવાર ચળી જવા સંભવ છે. માટે તેના પર આત્મસંયમ રૂપી અંકુશ જોઇએ. લાંબા વખત સુધી એ ટેવ રાખવાથી સારે રસ્તે ચાલવાની ટેવજ પડી જાય છે ને તેને સદ્વર્તન કહે છે. **વિદ્વાન થવું તો સહેલું છે પણ સદ્વર્તનવાળા થવું એ અઘરૂં છે** તેનું કારણ ઉપર જણાવેલું છે. વિદ્વાન બધા સદ્વર્તનશાળી હોય જ તેવું નિર્માણ નથી, પણ તેથી ઉલટું સદ્વર્તનશાળી ડાહ્યો તો હોઇ શકે જ. વિદ્વતા અને ડહાપણ એ એમાં તફાવત છે. વિદ્વતા એ બુદ્ધિપર ચડાવેલો ઓપ છે, તે જેટલો દળદાર તેટલો લાંબો વખત ટકે છે. અને ડહાપણ એ તો કુદરતી બક્ષીશ છે. તેના પર વિદ્વતાનો ઓપ ચડે તો કાંઇ ઓર રંગ પકડે છે. માટે શુદ્ધ દિલથી વર્તન કરવું એજ ઉત્તમ જીવન કહી શકાય. **આબરૂ**

તો ઘણી વેળા અયોગ્ય માણસો પણ મેળવી જાય છે, પણ સદ્વર્તન તો આચરણથી દ્રષ્ટાંત આપી મેળવાય છે. મોઢેથી મોટી મોટી શાણપણની વાતો કરવી સહેલી છે પણ તે પ્રમાણે વર્તવું ઘણું કઠીન છે. વિદ્વાનોની વિદ્વતાથી લોક આશ્ચર્ય ચકિત થાય છે, પણ સારા વર્તનવાળાને તો ઉચ્ચભાવથી લોકો પૂજે છે. વિદ્વતા પુસ્તકો દ્વારા અને શાળામાં મેળવી શકાય છે, ત્યારે સદ્વર્તન એ સંસારની શાળામાં લાંબા વખતના અનુભવથી મેળવાય છે. સારી રીતભાત વિવેક વાતચીતમાં મીઠાશ એ સર્વ ઉચ્ચ પ્રકારના સદ્વર્તનનાં અનુષંગી છે. માટે તે મેળવવાં હોય તો પ્રથમ પોતાની રહેણી કરણી ઉત્તમ પ્રકારની રાખવી.

(૫) **आत्मारुपी ईश्वर सर्वनो साक्षी छे**—સર્વ મનુષ્યોના હૃદયમાં આત્મારૂપી પરમેશ્વર વાસ કરીને રહેલો છે. આપણે સારૂં અગર નરસું કાર્ય કરીએ તે સઘળું તે જુએ છે અને તે દ્વારા પરમ ઇશને આપણી કૃતિની જાણ થાય છે માટે તેને ખોટે રસ્તે દોરવો એ ઇશ્વરને ઠગવા બરાબર છે. તેનાથી ડરી હમેશાં સારે રસ્તેજ ચાલવું. તે આત્મા ઘણો પવિત્ર છે. ખરાબ રસ્તાથી તે દૂર જ રહે છે. કોઇ પણ કાર્ય કરતાં અગાઉ તેને પુછી જોવું ને જો તેની સંમતિ મળે તો તે કાર્ય હાથ ધરવું. **અનીતિને માર્ગે જતાં હૃદય જ ના પાડે છે. તે છતાં માણસ જો જાય છે તો અંતઃકરણ જ તેને** ડંખે છે. તેવા માણસનું મન અસ્વસ્થ થઇ જાય છે. સુતાં ઉઠતાં બેસતાં તેને ચેન પડતું નથી. કાર્યમાં ચિત્ત પરોવાતું નથી. એ પ્રમાણે કરેલું પાપ આપોઆપ કાળે કરી ઉઘાડું

જ પડે છે. ને તે વખતે તેની આબરૂ બેઆબરૂ થાય છે. માટે ઈશ્વરથી ડરી નીતિને રસ્તે ચાલવામાં જ સુખ રહેલું છે એમ મનમાં દૃઢ ઠસાવી રાખવું.

(ઘે) कुछन्द अने व्यसनथी दूर रहेवुं—કુછંદ અને વ્યસન એ માણસોની અધોગતિ આણનારાં છે. બાળપણમાં જ્યારે સારાસારનો વિચાર હોતો નથી ત્યારે પ્રથમ શોખ અને મજાની ખાતર તે ટેવ પડે છે, પછી ઉમરના વધવા સાથે તે પણ વધતી જાય છે, અને મૂળ ઉંડાં ગયા પછી તેને કાઢવાં મુસ્કેલ થઇ પડે છે. માટે છોકરાંની અણસમજુ અવસ્થામાં માબાપે જ તેવી બલાથી તેમને દૂર રાખવાં. કારણ કે તેથી શરીરની ખરાબી થાય છે, આત્મા મલિન થઇ જાય છે, બુદ્ધિ કુંઠિત થઇ જાય છે, ને છેવટ જીંદગી પણ બરબાદ થઇ જાય છે.

(ओ) न्हानी बाबतो पर पण पुरतुं ध्यान आपवु—હમેશાં ન્હાની સરખી બાબત પર પણ પુરતું લક્ષ આપવાથી ઘણીવાર ઘણા મોટા ફાયદા થાય છે. દરેક બાબત હમેશાં નાનેથી જ મોટી થાય છે, ને સર્વનું આદિ સ્વરૂપ નાનું જ હોય છે. **મોટા મોટા સદ્‌ગુણો તેમજ દુર્ગુણોની શરૂઆત નાની જ હોય** છે. વરાળ અને વીજળી વીગેરેની મોટી મોટી શોધોનું મૂળ સ્વરૂપ ઘણું જ નાનું હતું. પણ અત્યારે તે કેટલું કામ કરે છે? માટે દરેક બાબત બારીકીથી અવલોકવાની અને તે ઉપર પુખ્ત વિચાર કરવાની ટેવ પાડવાથી ઘણો ફાયદો થાય છે અને વખતે ભવિષ્યની ભયંકર આફતથી પણ બચી શકાય છે.

लक्ष्मी सांसारिक सुखनं साधन छे.

(भ) खरो श्रीमंत—લક્ષ્મી એ પણ ઉત્તમ જીવન ગાળવાનું એક સાધન છે. કેટલાંક મોટા મોટાં કાર્યો કરવામાં પૈસાની જરૂર પડે છે. ગરીબ કરતાં પૈસાદાર માણસોને વધારે માન મળે છે, તે આ કારણથી જ નહીં કે તેમની કને લક્ષ્મી છે તેથી. ધનવાનોની ખરી યોગ્યતા તેમની લક્ષ્મીનો પારકા માટે ઉપયોગ કરવામાં જ છે. વળી ખરો ધનવાન કોણ ગણાય તે પણ એક પ્રશ્ન છે. જે માણસ એકદમ ધનવાન થઇ જાય છે તે એકદમ જ નિર્ધન પણ થઇ જાય છે. તેવા સટોરીયા અને જુગારી ધનવાનો કાંઈ ખરા ધનવાન નથી. તેમનાં ચાર દીવસનાં ચટકાંથી કાંઇ મોહી પડવાનું કારણ નથી. ખરૂ જોતાં તો **જે માણસ ચાલુ આવકવાળો હોય, અને પૈસો કમાવા જેવી અવસ્થા ન રહે ત્યારે ઘડપણમાં પણ આવક ચાલુ રહે તેવી સ્થિતિ જેની હોય તેજ પૈસાદાર કહી શકાય.** ભલે તેની ચાલુ આવક થોડી હોય તો તેટલા થોડા પ્રમાણમાં તેને પૈસાદાર કહીશું. **જેની પાસે થોડા પૈસા છે તે ગરીબ નથી પણ જાજા પૈસા છતાં જે હમેશ તાણ ભોગવે છે ને જેને વારંવાર વધારે પૈસાની જરૂર પડે છે ને બીજા ઉપર આધાર રાખવાની જરૂર પડે છે તે જ ગરીબ છે.** અગર તો છતે પૈસે જેનું મન ગરીબ છે તે ગરીબ છે એમ કહેવું પણ તદ્દન ખોટું નથી. જેનું દિલ ઉદાર છે તેને પૈસો સુખ આપે છે પણ સાંકડા મનવાળાને તો તે એક સોનાની બેડી કરતાં વિશેષ નથી.

(આ) **લક્ષ્મી એક શસ્ત્ર રૂપ છે**—ધન જેમ અનેક પરોપકારો કરવાનું સાધન છે તેમજ અનેક અનર્થોનું પણ ઉત્પાદક છે. તે **એક શસ્ત્ર જેવું છે જેનો સદુપયોગ અને દુરૂપયોગ બંને કરી શકાય છે.** જો દુરૂપયોગ થાય તો તે જ ધન માણસની બુરામાં બુરી દશા કરી નાખે છે. એથી ઉલટુ સદુપયોગ વડે ઉત્તમ અવસ્થા પ્રાપ્ત કરવામાં પણ તેજ મદદગાર થઇ પડે છે. માટે ધનનો સારે રસ્તે ઉપયોગ કરવો.

(ઇ) **લક્ષ્મીનો સદુપયોગ**--કેટલાક કહે છે કે અમુક માણસ આટલો ધનવાન છે પણ તે ધનવાન શાથી થયો અને તે ધન કેવી રીતે વાપરે છે તે કોઇ પુછતું કે કહેતું નથી. ધનવાન થવા માત્રથી-જ કાંઇ દેશને લાભ હાની નથી, પણ તેનો સદુપયોગ કે દુરૂપયોગ કરે તેમાં તો લાભ હાની ખરી. ધનને જવાના ત્રણ રસ્તા છે. દાન ઉપભોગ અને નાશ. પ્રથમના બે રસ્તા જો બંધ કરાય તો ત્રીજે રસ્તે થઇને ધન ચાલતું થાય છે. જેમ વીરડાનુ પાણી ઉલેચતા જઇએ તેમ ભરાતું જાય છે, તેમજ લક્ષ્મી સદુપયોગમાં વપરાતી જાય તેમ વધતી જાય છે. ઉલટી બાંધી મુકવાથી તે નાશ પામે છે. ધનના અનેક પ્રકારના સદુપયોગ છે, તેમાં મુખ્ય વિદ્યાદાન છે. **વિદ્યાદાન જેવું ઉત્તમદાન બીજું એકે નથી.** અન્નદાનથી પણ તે અધિક છે. ગરીબ સ્થિતિના વિદ્યાર્થીઓને ધનથી મદદ કરી તેની જીંદગી સુધારવી, તેમને માટે સ્કૅાલરશીપો અને છાત્રાલયો સ્થાપવાં એ ઉત્તમ પ્રકારનો ધનવ્યય છે. વળી આંધળાં પાંગળાં અને અશક્ત અનાથોને તથા વિધવાઓને ધનથી જ સહાય કરી

શકાય છે અને તેથી પણુ આગળ વધી દેશના હિતને અર્થે શ્રીયુત. તાતાની પેઠે હુન્નર ઉદ્યોગ ખીલાવી આખા દેશની પણ આબાદી વધારી શકાય છે. માટે આવાં મહાન કાર્યોમાં ખર્ચેલુ ધન ખુટી જતું નથી પણ ઉલટું વધે છે એ નિર્વિવાદ વાત છે.

(ई) **ધનસંચયની જરુર**—કેટલાક કહેછે કે " ધનને શું કરવું છે ? લાજ આબરૂ છે તે ઘણી છે. " એ વિચાર ઠીક છે. પણ એવા વિચાર માત્રથી આવે તેટલું ઉરાડી દઇ ભવિષ્ય માટે બીલકુલ સંચય ન કરવો તે તો મૂર્ખતાનુ જ કામ કહેવાય. પોતાના કુટુંબના પોષણ માટે, સંકટના વખતે કટુંબને મદદ કરવા માટે, અચાનક માંદગી આવે તો વાપરવા માટે, અને વળી વૃદ્ધાવસ્થા આવતાં જ્યારે હાથપગ ચાલી ન શકે તે વખતે સુખેથી વાપરવા માટે **યુવાવસ્થામાં ધનનો યોગ્ય સંચય કરી રાખવો આવશ્યક છે.**

(उ) **કરકસર**—તદ્દન કંજુસાઇ ન કરવી તેમજ ઉડાઉ પણ ન થવું. બાકી કરકસર કરવાની તો ખાસ જરૂર છે. ખાવા પીવામાં ઓઢવા પહેરવામાં અને ઘેર વરા આવે ત્યારે વપરાતા ધનમાં કરકસર કરવાથી ઘણો નકામો થતો ખર્ચ અટકાવી શકાય છે. કરકસર ધન સંગ્રહવાની એક યુક્તિ છે. **"તેવડ તો ત્રીજો ભાઇછે."** માટે યોગ્ય ધંધો મહેનત કરી તે દ્વારા લક્ષ્મી મેળવવી અને તેનો યોગ્ય રસ્તે સદુપયોગ કરવો એ જ ઉત્તમ માર્ગ છે. **જ્ઞાતિવરા એ આપણા ગુજરાતમાં પૈસો ઉરાડી દેવાનું મૂર્ખતા ભરેલું**

પ્રબળ સાધન છે. આખી જીંદગી કષ્ટ વેઠીવેઠી થોડો ઘણો ધન સંચય કર્યો હોય તે એવા પ્રસંગે આંખો મીચી ઉરાડી નાખવો એ કોઇપણ રીતે પ્રશંસનીય ગણાય નહીં. હા, જેનું ગજું હોય તેણે પોતાની સ્થિતિના પ્રમાણમાં એવે પ્રસંગે યથાશક્તિ ભોજનાદિકનો ખર્ચ કરી આનંદ લીધો હોય તો તે કેટલેક દરજ્જે ઠીક ગણાય, પણ તેનું દેખી ગરીબ પણ તણાઇને દેવું કરી પોતાની મહત્તા દેખાડવા આંધળાં ખર્ચ કરે એ શુ મૂર્ખતા ભરેલું નથી ? બે દીવસની વાહ વાહ કહેનારા જ પાછળથી તેની એ મૂર્ખતા બદલ મશ્કરી કરતા જોવામાં આવતા નથી ? વાણીઆનો દીકરો શિયાળામાં ટાઢે ઠરતો હોય, શરીર પર સારૂં ટાઢ ખમે તેવું લુગડું પણ ન હોય, પરંતુ ગળામાં હાથમાં ને પગમાં ઘરેણાં ભર્યા હોય, આ જોઇને હસવું આવતું નથી ? શું ઘરેણાના ભારથી છોકરાનું આરોગ્ય જળવાશે ? અગર તેથી તેને કાંઇ ખાસ લાભ થવાનો સંભવ છે ખરો ? આવા **ખાળે ડાટા મારી ઉપર જણાવ્યા જેવાં દરવાજા ઉઘાડા મુકવા જેવાં ખર્ચ કરે એ કરકસર નહીં પણ ઘેલછા જ કહેવાય.**

(ऊ) **देवुं कदी करवुं नहीं**—આવકના પ્રમાણમાં ખર્ચ રાખવું. આવકના કરતાં જાજું ખર્ચ રાખવું નહિ. આવક ખર્ચનો હિસાબ રાખવો અને કોઇ વખત તંગી ભોગવવી પડે તો ભલે પણ દેવું તો કદી કરવું નહીં. **દેવા સમાન દુઃખ નથી.** દેવાદારને રાત્રે ઉંઘ પણ આવતી નથી. વ્યાજને કોઇ પહોંચતું નથી. માટે એ અનર્થ પરંપરા જેવી ભૂલ કદી પણ કરવા લલચાવું નહીં

(૫) ધનમાત્ર સુખનું સાધન નથી—સઘળાજ પૈસાદારો ખરેખરા સુખી છે તેમ માની લેવા પણ કારણ નથી. એ ધનવાનોના ગાડીઘોડા, નોકરો, ઉંચા બંગલા, અને ભપકાબંધ પોશાકથી તેમને સુખી ગણી લેવા નહીં. ખરૂં જોતાં તે પૈકી કેટલાંકનાં મન તો ઘણાં દુઃખી હોય છે, અને એવાં તો ચગડોળે ચડેલાં હોય છે કે તેમને લેશ પણ શાંતિ હોતી નથી. **એવું દુઃખમય સુખ મેળવવા કરતાં તો સાધારણ સ્થિતિજ વધારે સારી.** વળી લક્ષ્મી તે જ કાંઇ સંસારમાં આનંદનું સાધન નથી. આનંદનાં સાધન તો છોકરાં છૈયાં પુસ્તકો કુદરતી દેખાવો આરોગ્ય વગેરે જે ગરીબને છે તેજ ધનવાનને પણ સામાન્ય છે. **પૈસાદારોની પીઠ સોનાની લગડીઓના ભારથી વાંકી વળી જાય** છે એમ કહે છે એ ખોટું નથી. મતલબ કે પૈસાને અંગે તેમને એટલી બધી ઉપાધી રહે છે કે તે બિચારા તેમાંથી ઉંચાજ આવતા નથી. પણ આ બધું જે લોકો ફક્ત ધન ભેગું કરવામાંજ સમજેલા છે અને તેનો સદુપયોગ કરી જાણતા નથી તેમને માટે જ છે. માટે લક્ષ્મીનો સદુપયોગ કરી લઇ મનુષ્યે જીવનમાં તેનો યોગ્ય લાભ લેવા ભુલવું નહીં.

सुखी गृहस्थाश्रम एज़ उच्च जीवन छे.

(अ) **स्त्रीनी पसंदगी कोणे करवी**—સંસારમાં યોગ્ય કેળવાયેલી સ્ત્રી સાથે ઉત્તમ ગૃહસ્થાશ્રમ ભોગવવો એ પણ ઉચ્ચ જીવનનું મુખ્ય અંગ છે. **રથ માટે બરાબર બે સરખાં ચક્રની જરૂર છે,** સમવિષમ હોય તો ઠીક ચાલે નહીં. તેમ સંસારનુ ગાડું ચલાવવા સ્ત્રી પુરૂષ રૂપી સરખાં ચક્રની જરૂર છે. આપણામાં તો ઘણેખરે ઠેકાણે બાળલગ્ન થાય છે, અને કોઇ ઠેકાણે લગ્ન મોટી ઉમ્મરે વખતે થતાં હશે, તોપણ છોકરાની અણસમજુ અવસ્થામાં તેમને વેવિશાળની ગાંઠથી તો જોડવામાં આવ્યાં જ હોય છે. એટલે સ્ત્રીની પસંદગી કરવાનું બનતું જ નથી. કેટલીક જ્ઞાતિમાં તો વેવિશાળને લગભગ લગ્ન સમાન જ ગણવામાં આવે છે. એટલે તે તોડી શકાતાં નથી. વિવાહ નાનપણથી કરી મુકવા અને કેટલાંક વર્ષો પછી લગ્ન કરવાં એ રીવાજથી જોકે કેટલાક ફાયદા પણ છે, પણ વિવાહ છેક એટલી બધી નાની ઉમરમાં ન કરી મુકવા જોઇએ કે જે વખતે છોકરાં છેક અણસમજુ હોય. માબાપ તો ફક્ત દલાલ જેવાં છે, **તેથી જે બન્નેને સાથે રહી ઉમર ગાળવાની છે તેમની સલાહ આવાં કાર્યમાં તો લેવી અવશ્યની છે.** આ કારણથી તેઓ સલાહ આપવા જેવડી યોગ્ય ઉમરમાં આવે ત્યારે વિવાહ કરી પુખ્ત વયે એટલે યુવાવસ્થામાં આવ્યા પછી લગ્ન કરવાં એ વધારે

સારૂં છે. **અલબત્ત શરીર સંબંધ તો પુખ્ત વય થયા પુર્વે કદીજ થવા ન દેવાય તો સારૂં.** આવી મહત્વની બાબતમાં વૃદ્ધ વડીલોની યોગ્ય સલાહ લેવાની પણ ખાસ જરૂર છે, કારણકે તરૂણ સ્ત્રી પુરૂષો ઉપરની ટાપટીપની મોહજાળમાં ઝટ ફસાઇ જાય છે. ને એક વખત તેમ નક્કી થયા પછી તે ત્યજી દેવાતું નથી. માટે તે નક્કી કરતાં અગાઉ કુળ કેળવણી ઉમ્મર આરોગ્ય વગેરે અનેક બાબતોની ખાસ ચોકસી કરવી જ જોઇએ. કેટલાક ઉતાવળીયા કન્યાની પસંદગી કેવળ સૌંદર્યથી જ કરે છે પણ તેમની આ ભૂલની પાછળથી ખબર પડતાં તેમને વારંવાર પસ્તાવો થાય છે. કારણકે સૌંદર્યનો સદુપયોગ થાય તો ઠીક જ છે, પણ જો તેનો મદ ચડી જાય અને દુરુપયોગ થાય તો પછી સંસારયાત્રા દુઃખરૂપ નીવડે છે. વળી બીજી રીતે જોતાં **સૌંદર્ય કાંઇ હરહમેશ સ્થાયી રહેતું નથી. કાળના કારી સપાટાની અસર તેના પર પણ થાય છે.** કાળે કરીને યૌવનાવસ્થાનો બહાર શિથિલ થતાં સૌંદર્ય પણ ઝાંખું પડતું જાય છે. એવે વખતે તો **સ્ત્રીના ખરા સદ્‌ગુણો જ આનંદ અને સુખનું ખરૂં સાધન હોય તેમ ખાત્રી થાય છે.**

(**આ**) **પસંદગી કેવી કરવી**—લગ્ન માણસની જીંદગીનું રૂપાંતર જ કરી નાંખે છે. તોફાની પુરુષ લગ્ન પછી શાંત, ક્રૂર દયાળુ, શુષ્ક હૃદયવાળો સ્નેહાળ, અને શરમાળ બોલકણો થઇ જાય છે અગર થઇ જવા સંભવ છે. દરેકને આ નિયમ સરખી રીતે લાગુ પડે છે તેમ નથી, પણ ઘણેખરે ઠેકાણે આમ થતું જોવામાં આવે છે. એકલા રહેવાથી દુર્ગુણના લાગેલા ચેપ સદ્‌ગુણી સ્ત્રી મળવાથી ધોવાઇ જાય

છે અને પડતીના ખાડામાં ધસતા નરરત્નને તેની શાણી સ્ત્રી બચાવી લઇ ઉભયનો સંસાર સુખરૂપ બનાવી શકે છે. વળી કેટલીકવાર એઉના સદ્ગુણોની ન્યૂનાધિક હોય તેની પણ આપ લે કરી સમતોલ કરવાથી ઉભયની જીંદગી ઘણીજ સુખરૂપ થઇ શકે છે. તેથી ઉલટું બેઉ જ જો સરખાં દુર્ગુણી હોય તો પછી કોઈ કોઇને કહે તેમ રહેતું નથી. સ્ત્રીની પસંદગી કરવામાં આ બધી બાબતો ધ્યાનમાં રાખી પોતાના ધંધા સ્વભાવ અને કુળને અનુકૂળ કન્યા જોવી. **કજોડું કેવળ ઉમરનું જ હોય છે તેમ નથી, સ્વભાવનું કજોડું પણ તેટલુંજ દુઃખકારક છે.** સ્ત્રીપુરૂષની ઉમર યોગ્ય હોય અને રૂપે રંગે સરખાં હોય પણ જો સ્વભાવ મળતા ન આવે તો હરહંમેશ કજીયા ટંટા થવાનો ભય રહે છે, ને બેઉનો સંસાર ધૂળ મળે છે. ધંધાને અનુકૂળ કન્યા મળે તો મહદ્ ભાગ્ય ગણાય. કારણ કે તે પ્રમાણે સઘળી રીતે સંપૂર્ણ અને યોગ કન્યાઓ મળી શકતી નથી. તો પછી આવશ્યક ગુણો તરફ ખાસ લક્ષ આપી પોતાને ઘેર આવ્યા પછી યોગ્ય તાલીમ આપી પોતાને અનુકૂળ કરી લેવી એજ હિતાવહ માર્ગ છે.

(૬) **उच्च अने नीच कुळ**—લગ્નની બાબતમાં કુળ જોવું એ પણ થોડી અગત્યની બાબત નથી. કારણ સારા ઘરમાં નીચ કુળની કન્યા સુખ પામતી નથી, તેમજ ઉચ્ચ ઘરની કન્યાની નીચના ઘરમાં પણ તેજ દશા થાય છે હવે કુળમાં ઉચ્ચ અને નીચ કોને કહેવું તેજ પ્રશ્ન ખડો થાય છે. **જેના કુટુંબમાં વંશપરંપરાથી વિદ્યાનો વાસ હોય, કેળવણી હોય, ધનની બાબતથી પણ**

અનુકૂળતા હોય, સૌ કોઈ **નીતિથી ચાલતું હોય અને ધંધામાં મશગુલ હોય તેજ ખરા કુળવાન છે.** બાકી મોટી મોટી નાતો જમાડેલી હોય કે વરામાં સેંકડો રૂપિઆ ઉરાડયા હોય તેમને જ કુળવાન કહેવા એતો ડાહ્યા માણસો પસંદ કરશે નહીં. **વળી ઉચ્ચ અગર નીચ કુળની છાપ કાંઇ વંશપરંપરાથી ચાલી આવતી નથી.** પ્રારબ્ધયોગથી કુળવાન પણ કુછંદી અને વ્યસની થઇ અકુલીન થઇ જાય છે, અને હલકા ગણાતા પણ સ્વબળથી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે. માટે કન્યા ઘર જોઇને નહીં પણ વર જોઇને આપવી એજ વધારે સારૂં છે.

(ई) **पितृऋण केम अदा थाय**—આપણા શાસ્ત્ર પ્રમાણે સંતતિ ઉત્પન્ન કરી વંશવૃદ્ધિ કરવાથી પિતૃઋણમાંથી મુક્ત થવાય છે એમ કહ્યું છે તે ઠીક છે. પણ **વંશવૃદ્ધિ કરવા માત્રથી જ તે ઋણ અદા થઇ જતું નથી.** એ નવી ઉત્પન્ન કરેલી પ્રજાને ઉત્તમ સંસ્કાર પાડવા, તેને યોગ્ય કેળવણી આપી સંસારમાં યોગ્ય સ્થાન ઉપર મુકવી એ પણ માબાપની દૈવી ફરજ છે એ ભૂલવું ન જોઇએ. જો આ બાબતમાં માબાપ દુર્લક્ષ આપે તો તે ઇશ્વરના ગુન્હેગાર છે એમ દ્દઢ કરી માનવું. યથાશક્તિ ધનની પણ મદદ તેમને શરૂઆતમાં આપવી જોઇએ. **એકંદરે તેમને એવી રીતે ઉછેરવાં કે તે પોતેજ પોતાના પગ ઉપર ઉભાં રહી શકે.** તેઓ પોતાનું ગુજરાન કરી શકે તેવી ઉમર અને સ્થિતિમાં આવે તે અગાઉ તેમને પરણાવી દુઃખી કરવાં નહીં. કારણ બાળલગ્નથી શારીરિક તેમજ

માનસિક નબળાઈ સહેલાઇથી ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે યોગ્ય સ્ત્રી મેળવી તે સાથે સંતોષથી આનંદમાં રહેવું એ ઉત્તમ પ્રકારનું સાંસારિક જીવન છે.

(૩) સ્ત્રીની યોગ્યતા જાળવવી—પોતાની સ્ત્રીમાંજ સંતોષ માનવો. મનને ભટકતું મુકવું નહીં. પોતાની સ્ત્રીમાં કાંઇ ખોડખાંપણ જોવામાં આવે તો યોગ્ય ઉપાયે સમજાવી તે સુધારી લેવી પણ તેને હડધૂત કરવી નહીં. યોગ્ય બાબતોમાં તેની સલાહ લેવી. તેનુ માન અને પ્રતિષ્ઠા જાળવવાં એ ગૃહસ્થાશ્રમ સુખી કરવાના માર્ગ છે. ગમે તેવી હોય પણ આપણને પરણેલી સ્ત્રીને આપણાથી કોઇ પણ વધારે હિતકર નથી અને આપણા સિવાય તેને બીજો આધાર પણ નથી એ વાત લક્ષમાં રાખી તેના તરફ દુર્લક્ષ આપવું નહીં. વળી તેને વસ્ત્રાલંકારથી સંતોષવી, યોગ્ય છુટ આપવી, અને ઘરનુ તમામ તંત્ર તેના હાથમાં મુકી દઈ તે સહેલાઇથી ચલાવી શકે તેમ તેને તૈયાર કરવી. પછી પોતે ઘરની બહારના કામકાજમાં લક્ષ આપવું. એ પ્રમાણે વર્તવાથી સંસારચક્ર સુખરૂપ નિવડે છે. **સ્ત્રી પશુ નથી, અને તે કેવળ વૈતરૂં કરી પેટ ભરવા સરજાયેલી નથી. તેને કોઇ પણ બાબતમાં માથું મારવા કાંઇજ હકક નથી, એવા સાંકડા વિચાર રાખવા એ સમજુ નહીં પણ મૂર્ખ માણસનું લક્ષણ છે.**

वखत अने तेनो सदुपयोग.

(अ) **वखतनी कींमत** - ઇશ્વરે માણસને જે અમૂલ્ય બક્ષીશો કરી છે તેમાં વખત મુખ્ય છે, કારણકે **વખત કિંમતીમાં કિંમતી** છે તે મનુષ્યને આયુષ્યરૂપે મળે છે. તેનો સદુપયોગ કરી માણસ પોતાની જીંદગી સુધારી શકે છે, અને સાચવીને વાપરે તો આયુષ્ય પણ લંબાવી શકે છે. વખતની કિંમત **આંકી શકાતી નથી,** કારણકે તે વડે ઉત્તમમાં ઉત્તમ ચીજો જેવી કે સોનું માણેક હીરા અને અન્ય સર્વ વૈભવો મેળવી શકાય છે; પરંતુ તે બધાના ભોગે ગયો વખત પાછો મેળવી શકાતો નથી. માટે તેની પળેપળ સાચવીને વાપરવી જોઇએ. **ગુમાવેલું આરોગ્ય, લક્ષ્મી, લોકોનો સ્નેહ, વિગેરે સર્વ પ્રયાસથી પુન: પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ ગયો વખત કોઈ પણ રીતે મેળવી શકાતો નથી.**

(आ) **युवावस्था काम करवानी उत्तम तक छे—** માણસનુ આયુષ્ય અલ્પ છે. તેમાંનો કેટલોક કાળ બાલ્યાવસ્થામાં રમવામાં, ઉંઘવામાં, રોગ પીડા વગેરેમાં, અને **અશક્તિવાળી વૃદ્ધાવસ્થામાં** જાય છે; ને કામ કરવા જેવાં યુવાવસ્થાનાં થોડાં જ વર્ષો બાકી રહે છે. હવે તે યુવાવસ્થાનો અમુલ્ય કાળ જ જો એળે ગુમાવાય તો પછી તે માણસની જીંદગી નકામી ગઈ સમજવી. કારણકે **કામ કરવાનો ખરો વખત તો યુવાવસ્થા જ છે.** આપણી યુવાનીના વખતમાં આપણે ધારીએ તે કરી શકીએ તેમ છીએ. આપણું મગજ પણ તે વખતે પૂર્ણ ખીલેલું હોઇ કામ

કરવા તત્પર હોય છે. વળી અન્ય ઇંદ્રિયો પણ કામ કરવા સશક્ત હોય છે. આવો લાભ ગુમાવી દઇ વળી જ્યારે અશક્તિ આવે ને મગજ સુસ્ત થઇ જાય એવી વૃદ્ધાવસ્થા પર મુલત્વી રાખવું એ એક પ્રકારની મૂર્ખાઇજ છે. કોને ખબર છે કે કાલે સવારે શુ થશે? એ વૃદ્ધાવસ્થા સુધી આપણે પહોંચ્યા કે વખતે ન પણ પહોંચ્યા. તો આ જ છે તેનોજ લ્હાવો કાં ન લેવો ? **મોટા મોટા માણસોએ જે મોટાં મોટાં કાર્યો કર્યાં છે તે તેમની ખરી જુવાનીમાં જ કરેલાં છે.**

(૬) **थोडा वखतमां घणुं काम कराय छे**—કેટલાક કહે છે કે " અમને વખત મળતો જ નથી તો શુ કરીએ " તો તે તેમની ભુલ છે. તેમને વખત મળે છે તો ઘણો પણ ગપ્પાં મારવામાં, જ્યાં ત્યાં નકામા આંટા મારવામાં, અને એવી બીજી ઘણી જુજ જેવી જણાતી બાબતોમાં તેઓ પોતાના: કિંમતી વખતનો ઘણો ભાગ નકામો ગુમાવી દે છે. પઇ પઇ કરતાં પૈસો થાય ને મિનિટ મિનિટ કરતાં કલાક થાય છે **જેને કણની કિંમત નથી તે લક્ષ્મીવાન શી રીતે થાય ને જેને ક્ષણની કિંમત નથી તે વિદ્યા કયાંથી પ્રાપ્ત કરી શકે**? મતલબ કે કણની પણ સંભાળ રાખવાથી ઢગલો કરાય છે, ને મિનિટનો હિસાબ રાખવાથી કલાકનો હિસાબ આપોઆપ રખાઇ જાય છે. માટે એવી જીણી જીણી બાબતોમાંથી વખત બચાવી તેનો ઘણો સારો ઉપયોગ કરી શકાય છે. એવા અનેક દાખલા બની ગયા છે કે પોતાના બંધા-

માંથી પણ રોજ થોડો થોડો વખત બચાવી કેટલાક મોટા નામાંકિત વિદ્વાનો થઇ ગયા છે. વળી એવી રીતે **કરકસરથી બચાવેલા વખતમાં જેવાં કાર્યો થાય છે તેવાં કાર્યો રજાના દિવસે જ્યારે ઘણો વખત મળે છે ત્યારે થતાં નથી** એ જાતિ અનુભવની વાત છે. કારણ કે તે દિવસે સાધારણ રીતે " થાય છે " " થશે " એમાંજ ઘણો ખરો વખત ચાલ્યો જાય છે.

(ઈ) **નિયમિતપણું**—વખતનો સદુપયોગ કરવાનો સૌથી સહેલો રસ્તો એ છે કે કામના પ્રમાણમાં તેના ભાગ પાડી નાખવા, અને પછી તે મુકરર કરેલા વખતે મુકરર કામ જરૂર કરવું. જો આ નિયમનો ભંગ થશે તો પછી અવ્યવસ્થા થઇ જશે. નિયમ પોતેજ કર્યો હોય છે અને તેથી તેનો ભંગ પોતેજ કરીએ તો પોતા સિવાય અન્ય કોઈ તે બદલ ઠપકો આપવા આવતું નથી. માટે પોતેજ તેનું બરાબર પરિપાલન કરવાની ટેવ પાડવી એ પોતાને જ ફાયદાકારક છે વળી દરેક કામકાજમાં નિયમિત થવું એ કામની સરળતા કરવામાં ઘણું ઉપયોગી થઇ પડે છે. કયાંઇ જવુ આવવું હોય અગર અમુક ઠરાવેલે વખતે અમુક કામ કરવાની સંકળના કરી મુકી હોય તો તે કામ બરાબર તે જ વખતે કરવા ચુકતું નહીં. એથી આપણને તેમજ આપણાપર આધાર રાખનારા બીજાને પણ બહુ સુગમ થઇ પડે છે. અને એ પ્રમાણે નિયમિતપણું એ એક પ્રકારનો સદ્‌ગુણ લેખાય છે. **કુદરત તરફ દૃષ્ટિ કરતાં પણ જણાશે કે તેનાં બધાં કાર્ય બરાબર નિયમિત રીતેજ થયે જાય છે.** સૂર્ય વખતસર

ઉગે છે ને આથમે છે, ઋતુઓના ફેરફાર વખતસર થાય છે, અન્ન તથા ફળ ફુલો વખતસર જ થાય છે એ બધું જોતાં જણાય છે કે **નિયમિતપણું એ કુદરતને પણ પ્રિય છે.** મનુષ્ય પણ એક કુદરતી પ્રાણી જ છે, તો તેને પણ એ કુદરતનો સામાન્ય નિયમ કેમ ન લાગુ પડે? વળી આ પ્રમાણે હરહમેશ નિયમસર ચાલવાથી આરોગ્ય પણ સુધરે છે અને આરોગ્ય સારૂં હોય તો જ સંસારની સર્વ પ્રવૃત્તિઓમાં સારી રીતે ભાગ લઇ શકાય છે.

(उ) श्रम पछी विश्रांतिनि जरूर કેટલોક વખત કામમાં ગાળ્યા પછી વિશ્રાંતિ લેવાની પણ તેટલીજ જરૂર છે. એ પ્રમાણે વિશ્રાંતિમાં ગાળેલો વખત નકામો કહેવાય નહીં. અનેક પ્રકારની રમતો રમવાથી અને મિત્રો સાથે હાસ્યવિનોદ કરવાથી મગજને આનંદ મળે છે તથા તેને લાગેલો થાક દૂર થઇ જઈ ફરીથી કામ કરવા તે તત્પર થઇ જાય છે. ખુલ્લી હવામાં જઇ ફરવાથી અને કુદરતની અનેક લીલાઓનું નિરીક્ષણ કરવાથી પણ થાકેલુ મન પ્રફુલ્લ થઇ જાય છે. વખતના કંજુસ માણસો હદ કરતાં જાદે કામ કર કર કરે છે તેથી તેઓ પોતાનું આરોગ્ય ગુમાવી બેસે છે અને પછી માંદા પડી એક સામટી વિશ્રાંતિ લેવાની વહેલા મોડી તેમને ફરજ તો પડે છે જ. આ પરથી તેઓ જોઇ શકતા તો હશે જ કે કુદરતથી વિરૂદ્ધ થઇ શકાતું જ નથી. આખો દિવસ યોગ્ય પરિશ્રમમાં ગાળ્યા પછી રાત્રે ઘસઘસાટ કેવી મીઠી નિદ્રા આવી જાય છે અને તેમાંથી જાગ્યા પછી મગજ પાછું કેવું કામ કરવા તત્પર બની ગયેલું હોય છે, તેનો જેને જાતી અનુભવ હશે તે સહજ જાણી શકશે કે

શ્રમ પછી વિશ્રાંતિની કેવી જરૂર છે. જે **જ્ઞાન પુસ્તકો દ્વારા મેળવી શકાતું નથી તેવું કેટલુંક વ્યાવહારિક જ્ઞાન જૂદા જૂદા સ્વભાવના મિત્રો જોડે રોજ થોડો થોડો વખત વાતચીત કરવાથી મેળવી શકાય છે.** વળી કુદરતના દેખાવોમાં જે ગૂઢ જ્ઞાન ભરી મુકયુ છે તેનું પણ બારીકીથી હરહમેશ અવલોકન કરવાથી પુસ્તકો કરતાં ઘણું વધારે સચોટ અને ઉંડું જ્ઞાન મેળવી શકાય છે વ્યક્તિગત અવલોકનશક્તિ ઉપર પણ તેનો વધારે આધાર છે. જેટલી જેની શક્તિ તેટલા પ્રમાણમાં તે જ્ઞાન મેળવી શકે છે આ બધા પ્રકારોનો સમાવેશ વિશ્રાંતિમાજ થઇ શકે, છતાં એ એક પ્રકારનું કામનું રૂપાંતરજ કહી શકાય. કારણકે તેથી પણ કાંઇને કાંઇ જ્ઞાન મેળવાય છે. માટે વખતો-વખત એક કામમાંથી થાકીએ ત્યારે આ પ્રકારે વિશ્રાંતિ લેવી.



केटलीक परचुरण बाबतो.

(अ) **प्रयत्न आगळ नशिब पांगळुं छे**—સંસાર સુખરૂપ કરવા, અગર સંસારમાં ફતેહ મેળવવા, ઉપર જણાવેલી બાબતો ઉપરાંત જે કેટલીક બારીક વિધવિધ બાબતોપર પણ ધ્યાન આપવાની ખાસ અગત્ય છે તેનો હવે વિચાર કરીશું. નશિબમા હશે તે થશે એ વિશ્વાસે બેશી ન રહેવું. કારણકે મનુષ્યપ્રયત્ન આગળ નશિબ પાંગળું છે. ભવિષ્યવાદીઓ ઉપર કેવળ આધાર નહીં રાખતાં બનતો પ્રયત્ન કરવો. પ્રયત્નથી શું નથી મેળવાતું ? કહ્યું છે કે **બેશી રહેનારાનું નશિબ બેશી રહે છે, ઉભું રહેનારાનું ઉભું રહે છે અને સુનારનું સુવે** છે. માટે નશિબ તો મનુષ્ય પ્રયત્નને જ આધીન છે માણસ પ્રયત્ન વડે જેવુ પોતાનું નશિબ કરવા ધારે તેવું કરી શકે છે.

(आ) **विघ्नो माणसनी कसोटी छे**—દૃઢ નિશ્ચયથી સતત ઉદ્યોગ કરે તો કોઇ વસ્તુ માણુસને અસાધ્ય નથી. નેપોલીયન " અશક્ય " એવો શબ્દજ માનતો નહોતો. કારણકે તેનું મનોબળ અતિ દૃઢ હતું. કોલંબસ પણ અડચણો પર અડચણો વટાવી આગળ ધપ્યેજ ગયો તો તેણે વિશાળ એવો અમેરિકા ખંડ શોધી કાઢયો. અડચણોથી ગાંજી જવું નહીં ને નિરાશ થઈ જવું નહીં. શરૂઆતમાં કોઇ કાર્યમાં ભૂલ આવે તો ભડકી જઇ તે પડતું મુકવું નહીં. હોય, ભૂલ પણ થાય, જો દૃઢ નિશ્ચય હશે તો તેજ કાર્ય કોઈ વખત તમેજ

સાંગોપાંગ સંપૂર્ણ રીતે કરી શકશો. ઠોકરો વાગવી અને અડચણો પડવી એથી આપણને નવા પાઠ શિખવાના મળે છે. એ વગર કાર્યનું ખરૂં સ્વરૂપ સમજાતું નથી. **અડચણોને નહીં ગણકારતાં આગળ ધપ્યે જવાથી અનુકુળતા અવશ્ય આવી મળે છે.** સુખ અને દુઃખ એતો વૃક્ષની છાયાની પેઠે માણસને માથે આવે છે ને જાય છે. એ કાંઇ હમેશને માટે સ્થિર થઇને બેશી રહેતાં નથી. સંસારમાં આખી જીંદગી સંપૂર્ણ સુખમાં અગર સંપૂર્ણ દુઃખમાં તો કોણે ગાળી છે ? સૌનેજ વારા ફરતી સારા નરસા અનુભવ થયા વગર રહેતા જ નથી.

(૬) પ્રતિકૂળ સંજોગો ભાવિ વિજયની નિશાનિ છે.
" હીંમતે મરદા તો મદદે ખુદા " દુનિઆપર જેજે મહાન કાર્યો થઇ ગયાં છે અગર તે કાર્યો કરનારા થઇ ગયા છે તે કાંઇ એકદમ પૂર્ણ થઇ ગયાં નહોના, અગર તેના કર્તા એકદમ જ વિજય મેળવી શકયા નહોતા. તેમને પણ આપણી પેઠે જ અનેક કસોટીઓમાંથી પસાર થવું પડયું હતું. છતાં તેઓ હિંમત રાખી આગળ ચાલ્યા ગયા તો આજે તેમની અક્ષયકીર્તિ સૌ કોઇ ગાય છે. આપણે પણ ધારીએ તો તેમનાં જેવાં કાર્ય કરી શકીએ; પણ તેમનાં જેટલાં ધૈર્ય ઉત્સાહ મહેનત અને દૃઢ નિશ્ચય જોઇએ. જો એ હોય તો પછી અશકય જેવું કાંઇજ નથી. વળી તે મોટા માણસો બધા ઉત્તમ રીતે કેળવાયેલા હતા અગર તેમને લક્ષ્મી વગેરેની બધી સવડો અને

અનુકૂળ સંજોગો હતા એમ પણ નહોતું. એ **મોટા માણસો પૈકી ઘણાખરા ગરીબ અવસ્થામાંથી જ ઉચ્ચ સ્થિતિમાં સ્વપ્રશક્રમથી અને જાત મહેનતથી આવ્યા છે.** વળી ઘણીવાર એમ પણ બને છે કે એક રસ્તે નાસીપાસ થએલો માણસ કોઇ બીજે જ રસ્તે મહાન વિજય મેળવે છે. દાખલા તરીકે સ્કૂલની કેળવણી લેવામાં નાસીપાસ થયેલો માણસ કોઇવાર ઉત્તમ લેખક તરીકે પ્રખ્યાતિ પામે છે. સતત કામ કરવાથી શરીર બગડે છે એવી દલીલ લાવનારા પણ કેટલાક છે પરંતુ તેવાએ સમજવું જોઇએ કે યોગ્ય મહેનતથી શરીર ઘસાતું નથી પણ કસાય છે. આળસુ થઇ **બેશી રહેવાથી મોટાઇ મળતી નથી પણ કામ કરવાથી મળે છે; અને તે એકદમ મેળવાતી નથા પણ ક્રમશ:** ડગલે ડગલે **મેળવાય છે.** પોતાનો ધંધો ગમેતેવો નીચ હોય તોપણ તેમાં પૂર્ણ લક્ષ દઇ તેપર ખંતથી મહેનત કરવાથી માણસ તેમાં જ ઉત્તમ થઇ શકે છે. અલબત્ત એકના એક કાર્ય પાછળ મંડયા જ રહેવાથી કંટાળો આવે છે, તો તે પ્રગંગે કાર્યનું રૂપાંતર કરવું એટલે એ છોડી બીજું મનપસંદ કામ હાથ ધરવું.

(૬) **जे करवु ते संपूर्ण करवुं**—પોતાના હાથમાં લીધેલું કામ બનતે પ્રયાસે સંપૂર્ણ કરાય તો જ તે કામ કર્યું કહેવાય. ઘણાં કામ અર્ધા અર્ધા કરવાં તેનાથી એકજ બરાબર સાંગોપાંગ સંપૂર્ણ કરવું એ વધારે સારૂં છે. **જે માણસ નાનું કામ પણ પોતાનાથી બને તેટલુ સંપૂર્ણ કરે છે તે ધીરે ધીરે મોટું કાર્ય પણ**

સંપૂર્ણ કરવાની યોગ્યતા મેળવે છે. હવે કોઇ એમ સવાલ કરે કે "બધા માણસો ધંધામાં પુરતુ જ ધ્યાન આપે છે છતાં બધા જ એ પ્રમાણે સર્વોત્કૃષ્ટ કેમ થતા નથી ?" તો તેના જવાબમાં એટલુ જ કહી શકાય કે બધા જ કાંઇ એટલી બધી સંપૂર્ણતાથી હાથ ધરેલાં કાર્યો કરતા નથી, અને કરે તો છેવટ તેના પરિણામ સુધી એક સરખું ધૈર્ય રાખી શકતા નથી. **અંતિમ ઉચ્ચપદ પ્રાપ્ત કરવાના ખાસ હેતુથી જ ઘણા થોડા જ પ્રયાસ કરે છે.** કેટલાક શરૂઆતમાં થોડો જ લાભ મળે તેટલાથી સંતોષ માની બેશી રહે છે અને વધારે માટે પ્રયાસ કરવો મુકી દે છે. આવાં કારણોથી જ સર્વ કોઇ સર્વોત્કૃષ્ટ થઇ શકતા નથી.

(उ) **एक चित्तथी काम करवु**—વળી જે કાર્ય હાથ ધર્યું હોય તેમાંજ એકચિત્ત થવાથી તે કાર્ય સારી રીતે કરી શકાય છે. માટે હાથ ધરેલું કાર્ય સંપૂર્ણ થયા વગર બીજા કાર્યમાં માથુ મારવું નહીં. ઘણાં કામ કરવાના હોય ત્યારે ગભરાઇ જવું નહીં, પણ આ પ્રમાણે એક પછી એક કામ વારાફરતી હાથ ધરી એકે એકે સંપૂર્ણ કરવાથી સહેલાઇથી સર્વ ધીરે ધીરે કરી શકાય છે.

(ऊ) **कार्याकार्यनो विचार अने संकळना**—કાર્યમાં વ્યવસ્થા કરવાથી પણ કાર્ય કરવામાં સુગમતા થઇ પડે છે. અમુક અમુક વખતે અમુક અમુક કામ કરવાની ગોઠવણ કરી નાખવાથી વખતનો બચાવ અને સદુપયોગ થઇ થોડા વખતમાં ઘણાં કાર્ય કરી

શકાય છે. કોઇ કાર્ય હાથમાં લીધા અગાઉ તેનું પરિણામ શું આવશે તેનો પૂર્ણ વિચાર કરવો અને પછી લાભદાયક જણાય તો તે હાથ લઇ તેને પુરૂં કરવું. આ પ્રમાણે કાર્યા-કાર્યનો એટલે શું કરવું ને શુ ન કરવું એનો વિચાર કર્યા પછી તે કાર્ય શી રીતે કરવું તેની પણ સંકળના ગોઠવી મુકવાથી તે સહેલા-ઇથી થઈ શકે છે. બહિર્ ચક્ષુ જ કેવળ ઉઘાડાં રાખીને ચાલવા કરતાં અંતર્ ચક્ષુ ઉઘાડાં રાખી ચાલવાથી એટલે અવલોકન કરવાની ટેવ પાડવાથી ઘણો ફાયદો થાય છે. અવલોકન કરવાથી નિઃસાર જેવી દેખાતી ચીજોમાંથી પણ સાર મેળવી શકાય છે.

(૫) **कळविकळथी काम सहलाइथी थाय छे**--આ બધી વ્યાવહારિક કુંચીઓ છે, ને તે શાળામા શિખવવામાં આવતી નથી. આને જ લોકો "ગણવું" કહે છે. આવો કાર્યકુશળ માણસ સંસા-રમાં કોઇપણ કાર્યમાં સહેલાઇથી ફત્તેહ મેળવી શકે છે. **જે કામ બળથી નથી થતાં તે આ પ્રમાણે કળથી સહેલાઈથી થાય** છે. કોઇપણ કાર્ય ભલમનસાઇથી થાય તે શિરજોરીથી થતું નથી. વળી અમુક કાર્ય કરવાની કોઇ કોઇવાર ઉત્તમ અને અનુકૂળ તક મળે છે તે **તકનો લાભ જો ન લેવાય તો પછી તે હમેશાને માટે ગુમાવાય છે.** માટે એવો લાભ જવા દેવો નહીં. વળી સંસા-રમાં કેટલીક બાબતો વિષે ગમ ખાવાની જરૂર પડે છે. કોઈ કોઈ બાબતો આપણું મન ઉશ્કેરી નાખે તેવી હોય તો પણ તે પેટમાં રાખી ઉપરથી સભ્યતા દર્શાવવી પડે છે. **ડાહ્યા માણસનું મોં**

હૈયામાં હોય છે તેથી તે હૃદયની વાત ઝટ બહાર કાઢતો નથી, **અને મૂર્ખ માણસનું હૈયું મોંમાં હોય** છે તેથી તે જેમ તેના મનમાં હોય તેમ બકી દે છે. **સભ્યતા એ પોતાને માટે ઉત્તમ ભલામણપત્ર** છે. કારણ સારી રીતભાતથી લોકોનો આપણે માટે સારો મત બંધાય છે. દુનીયામાં બધાજ માણસો કાંઇ ખાસ કારણ સિવાય કોઇપણ માણસ માટે બારીકીથી તપાસ કરતા નથી. પ્રથમ દૃષ્ટિએ જેવા સ્વરૂપમાં તે તેમને જણાય છે તેવો તેના વિષે તે મત બાંધી નાખે છે. દુનીયા પણ એક પ્રકારની રંગભૂમિ છે અને તેના પર માણસો નટ તરીકે જૂદા જૂદા વેશ ભજવે છે. નટ જેમ પોતે હોય તેથી જૂદાજ સ્વરૂપમાં રંગભૂમિ ઉપર દેખાય છે તેમજ માણસોને પણ તેમ કરવાની કોઇ કોઇવાર સભ્યતાની ખાતર જરૂર પડે છે. આ યુક્તિને લોકો કળવિકળ કહે છે.

सामान्य धर्म.

આપણા હિંદુ ધર્મશાસ્ત્રોમાં દરેક બાબતના ધર્મ એટલે નિયમો જણાવ્યા છે તેનું પરિપાલન કરવું એ આપણી દૈવી ફરજ છે એમ આપણે ગણીએ છીએ. કયે રસ્તે ચાલવાથી સંસારમાં સુખ મેળવી શકાય અને પોતાની ઉન્નતિ સાધી શકાય તે બાબતો પર પૂર્ણ વિચાર કરી દીર્ઘ દૃષ્ટિથી આપણા પૂજ્ય વડીલોએ કૃપા કરી આપણે માટે તેવા માર્ગ અગાઉથી નિર્માણ કરી મુકયા છે. તેથી આપણે માટે તો ફક્ત તે પ્રમાણે વર્તવું એજ કરવા જેવું રહ્યું છે. કહ્યું છે કે **"ધર્મનું જે રક્ષણ કરે છે તેનું ધર્મ રક્ષણ કરે છે"** એ ખોટું નથી. તેનો ભાવાર્થ એવો છે કે જો આપણે ધર્મ સાચવીએ એટલે તે નિયમો પ્રમાણે ચાલીએ તો આપણે સુખી થઇએ છીએ. હિંદી મુસલમાની પારસી કે ખ્રીસ્તી **ગમે તે ધર્મ લ્યો પણ સર્વનાં સામાન્ય તત્વો તો એક જ છે.** નીતિને સર્વમાં પ્રધાન ગણવામાં આવી છે. દેશાચાલ પ્રમાણે કોઈ કોઈ બાબતમાં ફરક હશે તો તે તરફ આપણે જોવાનુ નથી. સત્ય બોલવું, નીતિથી પૈસા કમાવો, વ્યભિચાર ન કરવો, સર્વનુ ભલું ઇચ્છવું, ઉદાર બુદ્ધિથી પરોપકાર કરવો, વગેરે બાબતો સર્વ ધર્મમાં સામાન્ય જ છે. અમારો ધર્મ ઉચ્ચ અને બીજાનો હલકો એવો વિચાર કરવો એ તો અણુસમજુ માણસનું કામ છે. **સર્વનો ઇશ્વર એકજ છે, અને સર્વને જૂદે જૂદે રસ્તે થઈ તેનોજ મહેરબાની મેળવવા પ્રયાસ કરવાનો છે.** પછી આમાં જૂદાઈ કયાં રહી? બીજાના આત્માનું કલ્યાણ અને

સંતોષ તેજ પોતાનું કલ્યાણ અને આત્માનો સંતોષ સમજવાનો છે. કારણ સર્વનો આત્મારૂપી અંતર્યામી તો એક જ છે. માણસ માત્ર આપણા ભાઇ છે એમજ સમજવું જોઇએ. કોઇનામાં બુદ્ધિ વધારે હોય ને કોઇનામાં વખતે ઓછી પણ હોય, તો તે બાબતનો ગર્વ કરી બીજા તરફ તિરસ્કાર ન કરવો, પણ દયાદષ્ટિથી જોવું જોઇએ. દુઃખી માણસો તરફ સ્નેહાર્દ્ર હૃદયથી જોવું જોઇએ, ને તેમને દુઃખમાંથી બચાવવા આપણાથી બનતું કરવું એ ધર્મ છે. **દયા એ તો ધર્મનું મૂળ છે. સખી ગૃહસ્થો ધર્મના કામમાં પૈસા ખરચી નાખી વધારે પૈસાદાર થાય છે અને કંજુસો પૈસા સંઘરી મુકી ગરીબ બને છે એ ખોટું નથી.** કોઇપણ વસ્તુ મેળવવાને ઉત્તમ માર્ગ તે વસ્તુનો ત્યાગ કરવામાં છે એ નીતિસિદ્ધાંતમાં કેટલું ગૂઢ રહસ્ય રહેલું છે એ અનુભવથીજ સમજાય છે. **બીજા માણસને આપણી તરફ જેવી રીતે વર્તાવવા આપણે ઇચ્છીએ તેમ આપણે તેની સાથે વર્તવું** એ એક પડછંદા રૂપછે. માટે પોતાને બીજા વિનયી ભલો ને સારો કહે તેવી ઇચ્છા હોય તો આપણે પણ તેમને તેવા કહેવાની અને તે સાથે તેવું વર્તન રાખવાની જરૂર છે. આપણે બીજા ઉપર દયા રાખીએ તો ઇશ્વર આપણી ઉપર દયા રાખે છે, ને **બીજાને માફ કરીએ તો ઇશ્વર આપણને માફ કરે છે એ તદ્દન સાચું** છે. આ પ્રમાણે ધર્મ એ આપણા આચરણનું ધોરણ છે અને આબાદીનું રક્ષક છે. વિપત્તિમાં આશ્વાસન ધર્મથી જ મળે છે. **જ્યારે આપણો કોઈ સાથી નથી હોતો ત્યારે ધર્મ**

રૂપે ઇશ્વર આપણી સાહાયે આવે છે. આવા અનેક દાખલા ભક્ત લોકોની વાતોપરથી આપણે જાણીએ છીએ. વળી કોઇવાર એવો પ્રસંગ આવે છે કે આપણે બહુ મુંજાઇ જઇએ ત્યારે એક ચિત્તથી ઇશ્વરનું ધ્યાન કરવાથી હૃદયમાં તુર્ત સ્ફુરણા થાય છે કે આ પ્રમાણે કરવું. આ એક કુદરતી ચમત્કાર નહીં તો બીજું શું? ધર્મ ભયમાંથી બચાવે છે. શોકમાં દિલાસો આપે છે, અને તે આપણી શાંતિના વખતમાં શરણનું ઉત્તમ સ્થાન છે.

વૃદ્ધાવસ્થા અને અંત.

આ પ્રમાણે પોતાની યુવાવસ્થાનો જેણે સદુપયોગ કર્યો હોય તેની જરાવસ્થા ઘણી સુખરૂપ નીવડે છે. **જુવાનીમાં કરેલો વખતનો સદુપયોગ અને સારાં સારાં કરેલાં કામો વગેરેનું સ્મરણ પણ વૃદ્ધાવસ્થામાં ઘણા આનંદનું કારણ થઈ પડે છે.** એ શાંતિના સમયને સુખરૂપ બનાવવો એ માણસના પોતાનાજ હાથમાં છે. આ અનુપમ શાંતિ કેટલોક સમય ભોગવી પછી તે સુખી જીવ પરમ શાંતિને પામે છે. આ પ્રમાણે તદ્દન શાંતિમાં કાંઇપણ દુઃખની લાગણી વગર જાણે પરવારીનેજ બેઠા હોઇએ તેવી રીતે મરણ તો ભાગ્યશાળી માણસનું જ થાય છે. કારણકે સંસારના સર્વ રંગ જેણે બરાબર અનુભવ્યા હોય, કોઇપણ બાબતમાં વાસના ન રહી હોય અને છેવટ ઉત્તમ માર્ગ તરફ જેની જ્ઞાનદૃષ્ટિ વળી હોય તેઓ જ આવું સુખ ભોગવી શકે છે. કહે છે કે "કરણી તેવી પારઉતરણી" તે ખોટું નથી. જે માણસે અનેક કુકર્મો કર્યાં હોય અને કુછંદમાં ઉમર ગાળી હોય તેનું ઘડપણ દુઃખમય થતું આપણે ઘણે સ્થળે જોઇએ છીએ. સારી અગર નરસી કરણી જરૂર મોત આડી આવે છે. અને આ પ્રમાણે **સ્વર્ગ અને નરક માણસ હાથે જ પોતા માટે ઉત્પન્ન કરે છે,** તથા આંહી જ તેનો અનુભવ મેળવે છે. સુખી અવસ્થા એ સ્વર્ગ છે અને દુઃખનો અનુભવ એ નરક છે. જે માણસ નીતિના પંથે ચાલ્યો છે તેને આ સંસારમાં એ જ દેહે

સ્વર્ગનો અનુભવ થાય છે, અને જેણે પાપનું ભાતું સારી પેઠે બાંધ્યું હોય છે તેને જ્યાં જાય ત્યાં દુઃખ જ છે. તેને આલોક અને પરલોક દુઃખનો જ ભરેલો માલુમ પડશે. **મરણ પોતે ભયંકર નથી પણ કરેલાં દુષ્કર્મનો ત્રાસ ભયંકર છે.** જેમ જન્મ થાય છે તેમ મરણ પણ થાય છે. મરણ ફક્ત આત્માનું રૂપાંતર છે, એમાં આશ્ચર્યજનક કે શોક જેવું વસ્તુતઃ કાંઇ જ છે નહીં. શોકનું કારણ તો આપણો સ્વાર્થ છે. આપણે ગત થયેલા દેહને રડીએ છીએ. આત્મા તો મરતો નથી ને જન્મતો પણ નથી તેનો તો નાશ જ નથી. પંચભૂતનો દેહ તે પણ નાશ પામતો નથી, એનાં તત્વોનું ફક્ત રૂપાંતર જ થાય છે. તો પછી શોક કરવા જેવી વસ્તુ શી રહી ? જેમ રેલવેના જંકશન ઉપર ગાડી બદલાવતાં એક ડબો મુકી બીજા ડબામાં જઇ બેશીએ છીએ, **એક જુનું લુગડું ત્યજી દઈ બીજું નવું પહેરીએ છીએ, તેમજ આત્મા એક સ્થાન મુકી બીજા સ્થાનમાં પ્રવેશ કરે છે,** અને ત્યાં પૂર્વજન્મના સંચિત ભોગવે છે. એ પ્રમાણે કરેલાં કર્મ તો ભોગવવાં જ પડે છે. એમ અનેક જન્મ લેતાં લેતાં જ્ઞાન અને બુદ્ધિનો વિકાસ થતો જાય તો કાળે કરી આત્માને જન્મમરણના ફેરામાંથી મુક્ત કરી શકાય છે, ને તેને જ મુક્તિ કહે છે. માટે મનુષ્ય જન્મ ધરી જે સ્થિતિમાં મુકાયા હોઇએ તેમાં ઉચ્ચ પદવિ પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો, પોતાની ફરજ ઇશ્વર માથે રાખી અદા કરવા પોતાનાથી બનતું કરવું, નિરર્થક શોક અને દુઃખ વ્હોરી ન લેતાં નીતિથી ચાલી સુખનો ઉત્તમ લ્હાવ લેવો,

ને જે વાત મનુષ્ય સત્તાની બહાર છે તે માટે વિચારો ન કરતાં સંતોષથી તે સહન કરવું એજ જીવન સુખરૂપ બનાવવાના સર્વ માટે સામાન્ય માર્ગ છે. આ પ્રમાણે માણસ પોતાનું જીવન પોતેજ ઉત્તમ કરી શકે છે અને એ ઉચ્ચ જીવનથી બીજા પણ દાખલો લઇ શકે છે. * એવું ઉચ્ચ અને આદર્શભૂત અગર શાંત અને સુખી જીવન ગાળવા માટે જે સદ્‌ગુણોની અને ઉત્તમ માર્ગોની જરૂર છે તે આપણને પ્રાપ્ત થાય એવી આશાથી સર્વશક્તિમાન પ્રભુની એક સાદી સ્તુતિ કરી સદરહુ વિષય આપણે પુર્ણ કરીશું.

* હવે પછીનો ભાગ પરિષદમાં મોકલેલા મૂળ લેખમાં નહોતો પાછળથી ઉમેર્યો છે.—લેખક.

आदर्शभूत जीवननी याचना.

શિખરિણી.

અસત્યોમાં રૂચી અમ દિલતણી ના કદિ થજો;
વળી સ્પર્ધા કેરી વિષમ વિષજ્વાલા દુર હજોઃ
કુકર્મો સેવ્યાની વિપરિત મતિ એ નવ થજો;
પ્રપંચો ખોટાથી અમ હૃદય આઘાં નિત્ય હજો.

કુછંદો કલેશો કે કલહ અમને ના પ્રિય હજો;
સદા સંપી રે'વા સહુ જન મળીને શિખવજો;
સુનીતિ રીતિથી કદિ સ્ખલન સ્વપ્ને નવ થજો;
ઠગારી તૃષ્ણા ને અહમહમિકા એ દુર હજો.

અમારા રસ્તાઓ અતિ સરળ સીધા સટ હજો;
ન હોજો ત્યાં કાંટા, ભય ઠગ તણો એ નવ હજો;
વળી સારૂં સુખી અમ જીવન મીઠું નિત્ય હજો;
વિભો ! ત્હારો વાસો અમ હૃદયના મંદીર હજો.

યુવાની ધંધામાં સતત મથતાં તો વહી જજો;
અને તેથી કાંઇ બરકત અમોને પણ થજો;
અમારાં આનંદો સકળજનહિતાવહ હજો;
સદાએ શાંતિમાં અમ જીવનવ્હેળો વહી જજો.

અમારાં સંતાનો કદિ વિપથગામી નવ થજો;
સ્વદેશાભિમાની, સ્વજનહિતરાગી ત્યમ થજો;
જરાવસ્થામાંહી અમ હૃદય શાંતિપ્રિય હજો;
અને છેલ્લા શ્વાસો તુજ સ્મરણ માંહી લય થજો.

ૐ शांतिः शांतिः शांतिः

સમાપ્ત.